
ISSN 0976 – 9609 V-Vidyanagar
વર્ષઃ ૨૩ || અંકઃ ૩ || માર્ચ ૨૦૨૧ || સળંગ અંક : ૫૯૩

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर
कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in

# Birla Vishvakarma Mahavidyalaya Engineering College
# (An Autonomous Institution)
# Managed by CharutarVidyaMandal



- First engineering college of the state of Gujarat, established in 1948 and also first Autonomous institute of the state with strong History, sustained legacy and add on success stories having family of 3200+ students and 300+ faculty members and staff.
- Institute has been awarded Academic Autonomous status from UGC from AY 2015-16. Also, most of the UG programs of BVM are periodically accredited by National Board of Accreditation.
- Recipient of the prestigious World Bank Assisted Project, Technical Education Quality Improvement Programme (TEQIP) II &III, sub-component 1.3, by MHRD, Govt. of India.
- State of the art facilities for research including Ph.D. Centre of GTU, Supercomputer “PARAM SHAVAK” and five centre of excellences in various latest technologies.
- Ranked in top 300 engineering institutes of India in NIRF and also featured with 4 star in GSIRF ranking.

(Read more about this Institute on page no.25)




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
માર્ચ - ૨૦૨૧
વર્ષઃ ૨૩ અંકઃ ૩
સળંગ અંકઃ ૫૯૩

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષઃ ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते।


તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ્ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

માનદ્ સહમંત્રીઓ
• શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમૅન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in**
પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને
પ્રતિભાવ જણાવવા વિનંતી.

**द्रुमाः सपुष्पाः सलिलं सपद्मं स्त्रियः सकामाः पवनः सुगन्धिः ।**
**सुखाः प्रदोषा दिवसाश्च रम्याः सर्वं प्रिये ! चारुतरं वसन्ते ।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

हे प्रिये ! फूलों से युक्त पेड़, कमलों से युक्त जल, कामयुक्ता नारियाँ, सुगन्धि से युक्त पवन, सुखद सायंकाल, रमणीय दिवस, वसन्त ऋतुमें उक्त सभी मनोहर मालूम होते हैं ।। २ ।।

श्लोक-२, षष्ठः सर्ग (वसन्तवर्णनम्)


।। અતીતની અટારીએથી ।। ભાઈકાકાનો અક્ષરદેહ
**» ભોગીલાલ સાંડેસરા**............................૩

।। પ્રાથમ્ય ।। સુખાકારી
**» એસ.જી.પટેલ**..................................૧૨

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
**» ધીરો, બાપુસાહેબ ગાયકવાડ, દયારામ, ગંગા સતી**.....૧૫

।। નવાં કાવ્યો ।।
**» ભરત વિંઝુડા, યોગેશ પંડ્યા, હાર્દિક વ્યાસ, દિનેશ પંડ્યા**..........................................૧૬

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ) અધ્યાપક માટે ઉપાસના-મૂર્તિ
**» કાકા કાલેલકર** ...........................................૧૭

।। અનુવાદ ।। કૃતઘ્ની માણસ ('પંચતંત્ર'ની એક વાર્તાનો ભાવાનુવાદ)
**» રમેશ એમ. ત્રિવેદી**....................................૧૮

।। લઘુકથા-૧ ।। નજર સામે
**» ગિરિમા ઘારેખાન** ......................................૨૦

।। લઘુકથા-૨ ।। હાસ્યનાં મોતી
**» ગિરા પિનાકીન ભટ્ટ**....................................૨૦

।। સમીક્ષા ।। રમેશ પારેખનાં તળપદાં અને પ્રકૃતિ પરિવેશનું નિરૂપણ કરતાં ગીતો
**» પ્રવિણભાઈ ભીખાભાઈ વજીર** .......................૨૧

।। સંસ્થા પરિચય ।। Birla Vishvakarma Mahavidyalaya Engineering College
**» Dr. Indrajit N. Patel**............................૨૫

।। આસ્વાદ ।। પિંજરની આરપાર
**» કાલિન્દી પરીખ** .........................................૨૮

।। રમતજગત ।। વિશ્વવિજેતા પહેલવાન : રૂસ્તમે હિંદ ગામા
**» ડૉ.પી.ડી.શર્મા** ........................................૩૪

।। વિદ્યાવૃત્ત ।।
**» ૧૪, ૧૭, ૧૯, ૩૩, ૩૬**



ISSN 0976 – 9609

# ભાઈકાકાનો અક્ષરદેહ

ભોગીલાલ સાંડેસરા

ભાઈકાકાનો અક્ષરદેહ એટલે ભાઈકાકાના ગ્રંથો. એમનો ક્ષરદેહ તો કેટલાંક વર્ષો પહેલાં પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો, પણ એમનો જે અક્ષરદેહ છે તે મોટેભાગે, એમના અનુભવોની કથની છે, એમાં કોઈ વાર્તા નથી, કોઈ નવલકથા નથી, કોઈ નાટક નથી, કોઈ નવલિકા નથી, ઘણુંખરું એમના અનુભવોના પ્રસંગો છે.

ભાઈકાકાનું પ્રથમ પુસ્તક, એમની ૬૬ વર્ષની ઉંમરે બહાર પડ્યું! કેવું વિચિત્ર કહેવાય! છતાં He was a very eminent scholar and writer. He had a great courage of conviction, એથી એમનામાં પૂરી આત્મશ્રદ્ધા હતી અને એ કારણે સાચી વાત કરતાં એ કોઈની પરવા ન કરતા એ પ્રસિદ્ધ હકીકત છે.

હવે વિશેષભાવે એમના અક્ષરદેહની વાત કરું. એમની ઉપાસના સાહિત્યની નહીં, પણ જીવનની. જીવનના અનુભવોને પરિણામે એમણે લખાવ્યું, ''લખવાનો તો સમય જ ન હતો. શરૂઆતમાં જ્યારે એમણે ''સક્કર બરાજનાં મારાં આઠ વર્ષ'' એ પુસ્તક લખાવ્યું ત્યારે સદ્ભાગ્યે એમને એમના પોતાના ઉલ્લેખ પ્રમાણે કહું છું - મગનભાઈ અમીન જેવા સારા લેખક મળી ગયા. ''લેખક'' અવતરણ ચિહ્નમાં, કારણકે અત્યારે ગુજરાતી ભાષામાં લેખકનો અર્થ આપણે author કરીએ છીએ, જ્યારે સંસ્કૃતમાં ''લેખક''નો અર્થ માત્ર નકલ કરનાર, ''કોપીઈસ્ટ'' એટલો જ થાય છે. કોપીઈસ્ટ પણ બાહોશ હોવો જોઈએ. આપ જાણતા હશો કે આપણા મહાન આચાર્ય શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરેએ જે મોટા મોટા ગ્રંથો રચ્યા એ એમણે પોતે લખ્યા નથી.

ભાઈકાકાનું પ્રથમ પુસ્તક **''સકકર બરાજનાં મારાં આઠ વર્ષ''** એમની ૬૬ વર્ષની વયે બહાર પડ્યું! સહકાર્યકરોએ આગ્રહ કર્યો એટલે પુસ્તક લખાયું ને પ્રગટ થયું ને કેવા પરમ વિશિષ્ટ લેખક! એટલે આવા વિશિષ્ટ લેખક ૬૬ વર્ષની ઉંમરે પ્રથમ વાર પ્રગટ થયા! એની પ્રસ્તાવના, ઇજનેરી વિષયના એક મોટા નિષ્ણાત - પ્રો.એસ.બી. જુન્નરકરે લખેલી છે. વળી જુન્નરકર સાહેબ એમ કહે છે કે એક શાસ્ત્રીય - વૈજ્ઞાનિક વિષયની, લોકગમ્ય રજૂઆત એમાં છે. ''સકકર બરાજનાં મારાં આઠ વર્ષ''માં દુનિયામાં એ વખતની મોટામાં મોટી આ નહેર યોજનાનો વૃત્તાન્ત ભાઈકાકાએ આપ્યો છે. સામાન્ય ભણેલા માણસ પણ થોડો રસ લે તો સમજી શકે એવી શૈલીમાં લખાયેલું એ પુસ્તક છે. એ પછી ભાઈકાકાની અનુભવ-મૂલક લેખન પ્રવૃત્તિ સતત ચાલી. એમનું બીજું

પુસ્તક **''ગામડાનું વાસ્તવદર્શન-સ્વાનુભવ''** ૧૯૫૬માં પ્રગટ થયું. એમાં પ્રારંભમાં છપ્પનિયો દુકાળનો હૃદયવિદારક ચિતાર આપ્યો છે. એ સમયે તેઓ બાર તેર વર્ષની ઉંમરના હશે. એમણે સોજિત્રામાં વીતેલા એમના બાળપણની રસપ્રદ વાતો કરી છે, તથા ખેતી અને ખેડૂતો વિશે ઇતિહાસનો આધાર લઈ મનનીય વિચારો અને અનુભવો રજૂ કર્યા છે. વચ્ચે મારે એમ કહેવું જોઈએ કે ભાઈકાકામાં ઇતિહાસની એક વિલક્ષણ સેન્સ હતી; વિલક્ષણ એટલે વિચિત્ર નહીં, વિલક્ષણ એટલે બીજાઓના કરતાં જુદી; સામાન્ય રીતે હોય તેના કરતાં જુદી; એને માટે અંગ્રેજી Uncanny શબ્દ વાપરીએ તો ચાલે. આ લક્ષણ એમનાં લગભગ બધાં પુસ્તકોમાં છે. આ દૃષ્ટિએ ''ગામડાનું વાસ્તવદર્શન'' એમાંથી થોડીક પંક્તિનું અવતરણ હું આપની સમક્ષ વાંચું છું, એટલે એમની ''હિસ્ટોરિકલ સેન્સ''નો કંઈક ખ્યાલ આવશે.

ગુપ્ત સમ્રાટો વિષે તેઓ લખે છે ''ગુપ્ત સમ્રાટો તો પોતાના બાહુબળથી પૃથ્વી જીતતા હતા અને પોતાના યશસ્વી કાર્યોથી સ્વર્ગનો વિજય પ્રાપ્ત કરતા હતા, જેથી તેમને સ્વર્ગે જવા માટે બ્રાહ્મણોની જરૂર પડી ન હતી. કદાચ આ કારણથી ગુપ્ત કાળમાં બ્રાહ્મણોને ગામ કે જમીન દાનમાં આપ્યાના તામ્રપત્રો કે લેખો ખાસ મળી આવતાં નથી. એમાં તો ફક્ત બ્રાહ્મણોને દરબારમાં માનભરી જગાઓ આપી, એશઆરામ કરાવ્યા, વિદ્યાનો વિકાસ કરાવ્યો, જીવનમાં રસ પૂરાવ્યો, પોતાની પ્રશસ્તિઓ લખાવી અને સામાન્ય જનતાનું શોષણ કરવામાં તેમનો સાથ લીધો.'' વિધાનો સાથે આપ સંમત થાવ એમ કહેતો નથી, પણ એમાં રહેલી મૌલિક વિચારણાનો આપને ખ્યાલ આવશે. આવી ''સેન્સ'' ગુજરાતમાં બીજી એક જ વ્યક્તિમાં મારી જાણમાં છે, અને તે ઈન્દુલાલ યાજ્ઞિક. ''સ્વપ્રસિદ્ધિને પંથે'' ૧૯૫૭માં પ્રગટ થયું. ''સ્વપ્રસિદ્ધિને પંથે'' એટલે વિદ્યાનગરના સપનાનો ઇતિહાસ. આ પુસ્તકનું નામ સાર્થક છે, કેમકે જે કેવળ સ્વપ્ન હતું તે સાકાર થયું. ૧૯૪૮માં લોર્ડ માઉન્ટબેટનના હસ્તે એંજિનિયરિંગ કૉલેજનું ઉદ્‌ઘાટન થયું, તે પ્રસંગે મોકલેલા સંદેશમાં સરદારશ્રીએ લખ્યું છે કે ''ભાઈલાલભાઈના સતત ઉદ્યમ ને પરિશ્રમથી શંકા શ્રદ્ધામાં પરિણમી છે.'' અને ''આ ભૂમિને તેમણે એક મોટી પ્રયોગશાળામાં ફેરવી છે.'' આથી વધારે શું કહી શકાય? વિદ્યાનગરનો ઇતિહાસ મારે આપવાનો ન હોય. પણ આ પુસ્તકમાંથી ત્રણ ચાર અવતરણ આપું છું, જેથી ભાઈકાકાની વિનોદી, ધારદાર ગદ્ય શૈલીનો, તાક્યું તીર મારનાર એમની ટીકા પદ્ધતિનો અને એમના અનુભવમૂલક આદર્શવાદનો ખ્યાલ આવે.

વિદ્યાનગરમાં ચણતર કામ શરૂ થયું ત્યારે બાકરોલથી કડિયા બોલાવાતા હતા, એ સંદર્ભમાં બાકરોલના કડિયા વિશે વાત કરે છે. કોઈપણ કામમાં વિલંબ એમને અસહ્ય હોય. એમણે બાકરોલથી કડિયા બોલાવ્યા હતા, અમુક કામ માટે. ગામડાંમાં કડિયા અગિયાર વાગે કામ પર

 ISSN 0976 – 9609

આવે, બે વાગે આરામ કરે, ત્રણ વાગે કામ શરૂ કરી સાડા પાંચ વાગતાં તો ઘર ભણી ચાલવા માંડે. પછી સાંભળજો ''ઈંટો આંગળીઓને બચકાં ભરતી હોય તેમ બહુ સાવચેતીથી ધીમે ધીમે ઈંટ પકડે.'' એમ કહું કે આમાં ગુજરાતી ભાષાની શક્તિ પ્રગટ નથી થતી તો શું પ્રગટ થાય છે? આ વસ્તુને બીજી કઈ રીતે તમે વ્યક્ત કરી શકો? ''ઈંટો આંગળીઓને બચકાં ભરતી હોય તેમ બહુ સાવચેતીથી ધીમે ધીમે ઈંટ પકડે અને હળવે રહીને ઈંટને દુઃખ ન થાય તેમ ઈંટને સ્થળ પર મૂકે.'' જીવન અને સાહિત્યનો યોગ કેમ થાય તેનો આ દાખલો છે. આ ક્યાં વિચાર કરીને લખ્યું છે? આ લખાવેલ, મોઢે આવ્યું એમ, ભર્તૃહરિએ કહ્યું છે તેમ-,

યાસ્તેષાં સ્વૈરકથાસ્તા એવ ભવન્તિ શાસ્ત્રાણિ. ભાઈકાકાની સ્વૈરકથામાં એવું આવતું, જે શાસ્ત્ર બને એ અનુભવીઓ જાણે છે.

પછી આગળ જોઈએ, એમનો અને મુનશીજીનો સંવાદ. ''મુનશીજીને પહેલાં તો અવિશ્વાસ હતો કે વગર પૈસે કામ થશે શી રીતે? મુનશીજીએ તુરત જ લીલાવતીબેનને કહ્યું કે જુઓને, આ લોકોને કોલેજ સાથે હોસ્ટલ, પ્રિન્સિપાલનો બંગલો તથા રેક્ટરનો બંગલો બાંધવો પડશે કે જેથી ત્રણ વીઘાં જમીન તો જોઈએ ને! મેં જવાબ આપ્યો કે ત્રણ વીઘાં જમીન તો ફક્ત કૉલેજ માટે જ રાખી છે. બીજાં કામ માટે તો ૩૦૦ વીઘાં જમીન રાખી છે. આ ટીકા કે પ્રશંસા નથી, માત્ર વાતની રજૂઆત છે. મુનશીજીને ભારે આશ્ચર્ય થયું અને એમણે મને પૂછ્યુંઃ એનું એસ્ટિમેટ કેટલું? મેં એવા જ ટીખળમાં જવાબ આપ્યો કે ખિસ્સામાં ડોઢિયું નથી તો પછી એસ્ટિમેટ કરવા માટે વખત અને કાગળ શું કામ બગાડવાં?''

હજી આગળ સાંભળો ''પણ આ તો ચરોતર છે.'' મુનશીજીએ પૂછ્યું, ચરોતર એટલે શું? મેં કહ્યું કે ચરોતરમાં ઠાઠડીમાં સ્મશાનમાં ભોંયભાગના આઠ આના મૂકવાની પ્રથા છે. ઘરમાં બાપ મરી ગયો હોય ત્યારે આ ઠાઠડીમાં મૂકવાના આઠ આના ન હોય, જે પાડોશમાંથી પાંદ દશ ઘેરથી ભેગા કરીને ઠાઠડીમાં મૂકે. પણ બાપના બારમાના દિવસે જમવા માટે આખા ગામને નોંતરે, કોઈ જોઈતા ઘઉં લઈ આવે, કોઈ ગોળ લઈ આવે, કોઈ ઘી લઈ આવે. પણ ગામ જમે એ વાત સાચી. પછી સૌ થઈ રહે. એનું નામ ચરોતર. આજે અમારી પાસે પૈસા નથી. આજે હજી પણ હું કહેવાનો છું, અમારી પાસે પૈસા નથી, અને કૉલેજના પાયા ખોદવાનું શરૂ કર્યું છે. અને જૂનની ૩૦મી તારીખે બી.એ. અને બી.એસસી.ના વર્ગો શરૂ થાય છે કે નહીં તે તે વખતે જોવું.'' મુનશીજી આ ટીખળથી દોરવાય એવા ન હતા. એમણે તો અમારી આખી યોજના સમજવા પ્રયત્ન કર્યો, થયેલું કામ જોયું અને પછી કહ્યું કે ''ભાઈલાલભાઈ, આ તો બે ને બે ચાર જેવી વાત છે. આ રીતે તો કામ થઈ શકે.'' શંકા શ્રદ્ધામાં કઈ રીતે પરિણમે અને પરીકથા પણ કેવી રીતે સાચી પડે

અને જીવનમાં પુરુષાર્થના ચમત્કારો કેવા બને એનો આ એક દાખલો છે.

પછી વિદ્યાનગરની બસ સર્વિસની વિગતો આપી, એ વિષે લખે ''આપણા કલ્યાણ રાજ્યમાં એવા કાયદા છે કે જેથી બીજાને નુક્સાન કરી શકાય, પણ તે નુકસાનની ભરપાઈ કરવાની જવાબદારી કોઈએ માથે રાખી નથી.''

પછી વિદ્યાનગરની યોજનાની વાત કરે છે કે – ''આ યોજના ચિરંજીવ છે.'' સરદારશ્રીના અવસાન પછી એમને બહુ આઘાત લાગ્યો, અને કેટલાક વખત સુધી એ માંદા રહ્યા. પણ પછી લખે છે ''આ સિવાય સરદારશ્રીએ અમને આપેલો આદેશ સંપૂર્ણ રીતે પાળવાનો અમે દૃઢ રીતે નિશ્ચય કરેલો હતો. અમારી યોજના અનેક વર્ષો માટે ને અનેક પેઢીઓ માટે ઘડાયેલી હતી, જેથી સરદારશ્રીના સ્વર્ગવાસથી એમાં પૂર્ણવિરામ મૂકવાનું ન હતું. યોજનાના સંચાલકોનું કદી મરણ થવાનું જ ન હતું. તમે જુઓ, આ કેવળ આશાવાદ નથી; આ આશાવાદ કરતાં કંઈક વધુ છે, આ યોજનામાં મૃત-સંજીવની છે અને સારું કામ કરનાર કોઈના કોઈ મળી રહેવાના છે. વર્ષો પહેલાં મને સિનેમાનો બહુ શોખ હતો અને એક જાણીતા સાપ્તાહિક પ્રજાબંધુમાં સિનેમાનું કોલમ હું લખતો હતો. ''અમર જ્યોતિ'' નામની પ્રભાત ફિલ્મ કંપનીની એક ઉત્તમ ફિલ્મ આવી હતી. અત્યારે પણ ફરી આવે તો જોવાનું મન થાય. એમાં એક ગીત આવતું હતું કે ''કારજ કી જ્યોત સદા હી જલે, એક જન જાવે દૂજા આવે ફિર ભી જ્યોત જલે;'' આ ગીતથી ફિલ્મની સમાપ્તિ થતી હતી. અહીં વિદ્યાનગરમાં એ પ્રકારની કાર્યની જ્યોત સતત જલ્યાં કરે એવી વાત ભાઈકાકા કરે છે.

કોંગ્રેસ રાજકીય પક્ષ બન્યો એને વિશે માત્ર ત્રણ લીટી લખી છે. ૨૩૪મા પાન પરથી વાંચું છું ''કોંગ્રેસે રાજકીય પક્ષ થવાનો નિર્ણય કર્યો તે વખતે કોંગ્રેસ પાસે આગલી હરોળમાં સ્વદેશાભિમાની, પ્રામાણિક, બુદ્ધિશાળી અને દીર્ઘ દૃષ્ટિવાળા માણસો હતા. ''સ્વપ્નસિદ્ધિને પંથે''માંથી એક કંડિકા હું વાંચીશઃ

''પ્રજાનું નવું ઘડતર કરવું હશે તો તેની શરૂઆત દેશની વિદ્યાપીઠોમાંથી જ કરવી પડશે, અને એ માટે વિદ્યાપીઠોના અધ્યાપકોએ પહેલ કરવી પડશે, અને કમ્મર કસવી પડશે. દેશમાં નવઘડતરની જવાબદારી આજે જો કોઈના પર વધારે હોય તો તે શિક્ષકો અને અધ્યાપકોને માથે છે. દેશના વિચારક વર્ગે આટલા માટે શિક્ષક અને અધ્યાપકોને માટે આ મોંઘવારીના કાળમાં આર્થિક ઉપાધિ ન રહે એની વ્યવસ્થા કરવી પડશે, અને શિક્ષકો અને અધ્યાપકોએ પણ હવે વાણિયા થયે નહિ ચાલે. જેને વાણિયા થવું હોય તેણે વેપાર ઉદ્યોગમાં ચાલ્યા જવું જોઈએ, જ્યાં એ એના નસીબ પ્રમાણે ઓછું-વત્તું દ્રવ્ય મેળવી શકશે. પણ શિક્ષકના ધંધામાં પડનારે સંતોષને


ISSN 0976 – 9609

અપનાવવો પડશે અને બ્રાહ્મણ થવું પડશે. બ્રાહ્મણ સિવાય શિક્ષણ ક્ષેત્રે બીજા કોઈનું સ્થાન નથી. એણે એના બધા વખતનો ઉપયોગ વિદ્યા પ્રાપ્ત કરવામાં અને વિદ્યા આપવામાં કરવો પડશે. એણે પ્રમાદ ત્યાગવો પડશે.''

''ભાઈકાકાનાં સંસ્મરણો' એ ખરા અર્થમાં ભાઈકાકાની આત્મકથા છે. તે એમના અવસાન પછી થોડા જ માસમાં પ્રગટ થઈ છે. માર્ચ ૧૯૭૦માં ભાઈકાકાનું અવસાન થયું, ડિસેમ્બર ૧૯૭૦માં આ પુસ્તક બહાર પડ્યું. એની પ્રસ્તાવનામાં શ્રી એચ. એમ. પટેલ સાહેબે, આ મનસ્વી પુરુષની વિકાસગાથા પ્રગટ થઈ તે માટે હર્ષ પ્રગટ કર્યો છે, પણ એમના અવસાનને કારણે એ ગાથાની પ્રસ્તાવના મળી નહીં, નહીં તો એમાં પ્રવેશવાનું રહસ્યદ્વાર સાંપડત, એમ જણાવ્યું છે. મનસ્વી શબ્દ બહુ સૂચક છે, વિચાર કરીને તેમણે એ વાપર્યો હશે, કેમકે ઉચિત શબ્દપ્રયોગના તેઓ આગ્રહી છે.

ભાઈકાકા આત્મકથામાં લખે છે કે ''વડોદરામાં ઈન્ટર આર્ટ્સ સુધી સંસ્કૃતનો અભ્યાસ કર્યો તેનો અમને બહુ લાભ થયો.'' આજના ઇજનેરોને કદાચ એ લાભ નહીં મળતો હોય. ભર્તૃહરિનું નીતિશતક તો ભાઈકાકાને મોઢે હતું ને જ્યારે જ્યારે એમની સાથે વાત થાય ત્યારે સંસ્કૃત કવિતા, ગુજરાતીની જૂની-નવી કવિતા, દલપતરામનાં કાવ્યો, ભજનો, કહેવતો એ બધું આવ્યાં જ કરે. તેઓ લખે છે કે, અમારે કેશવમિશ્રની ''તર્કભાષા'' પણ ભણવાની હતી. જેની બુદ્ધિ સુસજ્જ હોય તેને તર્કશાસ્ત્રનો અભ્યાસ લાભ કરે જ. સુખદુ:ખની હમણાં આપેલી વ્યાખ્યા ''તર્કભાષા'માં છે, અપેક્ષાવશાત્ સુખ પણ દુ:ખ હોઈ શકે ને દુ:ખ પણ સુખ હોઈ શકે. આ ''તર્કભાષા''ના અભ્યાસે એમના મન પર શી અસર કરી એની પણ એમણે આ સંદર્ભમાં વાત કરેલ છે. એટલે કે મનસ્વી કાર્યાર્થી ગણયતિ દુ:ખમ્ ન ચ સુખમ્ - એ વાત વાસ્તવિક છે. એચ. એમ. પટેલ સાહેબે સંસ્મરણોની પ્રસ્તાવનામાં ભાઈકાકાની તીવ્ર સ્મરણશકિતનો ઉલ્લેખ કર્યો છે; ડાયરી પત્રો કે એવાં સાધન વિના આ સંસ્મરણો લખાયેલાં છે. ભાઈકાકા જેટલા વિચારોમાં સ્પષ્ટ છે એટલા વિગતોમાં સ્પષ્ટ છે. એમના દૃઢ મનોબળ અને બુલંદ આત્મશ્રદ્ધાનો સજીવ સ્પર્શ આમાં થાય છે.

''ભાઈકાકાનાં સંસ્મરણો'' બોધપ્રદ અને રસપ્રદ પ્રસંગોથી ભરપૂર છે. એમાંથી શું કહેવું અને શું ન કહેવું એ પ્રશ્ન છે અને આ એકાદ કલાકના વ્યાખ્યાનમાં એ પ્રસંગો આપવાની જરૂર નથી. પણ એમના સ્વભાવનો દ્યોતક એક પ્રસંગ અહીં રજૂ કરવાનું મન થાય છે. સ્વતંત્ર પક્ષ તરફથી રાજકોટમાં મીનુ મસાણીને ઊભા રાખવા કે કેમ એની ચર્ચા સ્વતંત્ર પક્ષની કારોબારી કે બીજી કોઈ સમિતિમાં ચાલતી હતી. ભાઈકાકાએ એમ કહ્યું કે આપણે ઉમેદવારો ઊભા કરવા જ જોઈએ અને મને લાગે છે કે - આપણે માટે વિજયનો સારો સંભવ છે. જ્યાં સારી તકો હોય ત્યાં પણ

ISSN 0976 – 9609

ચૂંટણી લઢવાની કોઈ હિંમત ન હોય તો પક્ષને વિખેરી નાખો.

‘‘મારે માટે તો કહું છું, ડરપોક માણસો જોડે રહેવામાં હું શરમ અનુભવું છું. I am ashamed to associate myself with such chicken-hearted persons, આ એમના શબ્દો જો ‘‘ચૂંટણી લઢવાની ન હોય તો સ્વતંત્ર પક્ષમાંથી મારું રાજીનામું લઈ લો. પછી મીનુ મસાણી ઊભા રહ્યા અને જીત્યા. કોઈ સત્યઘટનાત્મક નવલકથામાં હોય તેના કરતાંયે રસપ્રદ હકીકતોથી ભાઈકાકાનાં સંસ્મરણો સાદ્યંત ભરેલાં છે. એમની નિખાલસતા, જે સ્પષ્ટ કહેવું હોય છે તે કહી દેવું ને એ પ્રમાણે એક્શન લેવું એ એમની પદ્ધતિ હતી, એનું આ એક ઉદાહરણ માત્ર છે.

‘‘ગુજરાતના પાટીદારો’’ એ પુસ્તક એમના અવસાન પછી ૧૯૭૧માં પ્રગટ થયું. મુખ્યત્વે ચરોતરના પાટીદારોનો ઇતિહાસ એમાં છે. ચરોતરી પાઘડી પહેરેલા એક પટેલ એના પૂંઠા પરના ચિત્રમાં બતાવ્યા છે. મેં ત્રિભુવનદાસભાઈને પૂછ્યું કે હવે કોઈ ચરોતરી પાઘડી પહેરે છે? તો કહે ના, હવે કોઈ પહેરનાર જોવામાં આવતા નથી. એટલે જૂનાં ચિત્રો કે જૂના ફોટા, કે ઓઈલ પેઈન્ટિંગમાં જોવા મળે; પણ ગુજરાતના પાટીદારોના પૂંઠા પર એ છે. ચરોતરી પાઘડી પહેરીને એક પાટીદાર બેઠા છે - ને જોડે હુકો છે. એટલે ત્યાં એક ટિપિકલ પાટીદારનું ચિત્ર આપ્યું છે. હવે પાટીદારનો ભાઈકાકાએ જે ઇતિહાસ આપ્યો છે એ કોઈ જ્ઞાતિના અભિમાન કે ગૌરવથી નથી આપ્યો. બ્રાહ્મણત્વ વિશે એમનું અવતરણ વાંચ્યું, જેથી આપને એમના અભિગમનો ખ્યાલ આવ્યો હશે. ચરોતરના પાટીદારોએ વિકસાવેલ ખેતી અને ગ્રામસ્વરાજની વાત આ પુસ્તકમાં એમણે કરી છે. જમીનની કેળવણી, ખેતી, ગ્રામસ્વરાજ્ય અને ગ્રામોદ્ધાર વિષેના એમના વિચારો ભાઈકાકાએ ‘‘ગુજરાતના પાટીદારો’’માં રજૂ કર્યા છે. સાથોસાથ પટેલ સાહેબે પ્રસ્તાવનામાં નોંધ્યું છે તે પ્રમાણે, પાટીદારોની મર્યાદા પણ બતાવી છે. એમણે લખ્યું છે કે દરેક જ્ઞાતિની એક વિશેષતા હોય છે ને એ વિશેષતા દર પેઢી ઊતરે છે; અને એથી, જેમ કારીગરના છોકરામાં એક વિશેષતા હોય તેમ પાટીદારના છોકરામાંય વિશેષતા હોય અને તે ખેતીમાં રસ.

પાટીદારનો ઇતિહાસ આપતા ભાઈકાકાએ લખ્યું છે કે પંજાબમાં લેઉ અને કેડ એમ બે સ્થાનો હતાં. એટલે લેઉઆ અને કૈડવા-કડવા ત્યાંથી આવ્યા. પણ એમણે બીજી મહત્ત્વની વાત લખી છે કે બધા પાટીદારો કંઈ ખેતી કરતા ન હતા કે ખેતી કરતા નથી. જ્યારે તેઓ યેવલામાં હતા ત્યારે ત્યાં રેશમનું કામ કરનાર પાટીદારો હતા. ભાઈકાકાએ એમનાં સંસ્મરણોમાં રેશમનું કામ કરનાર ડાહીફોઈ નામે એક વડીલ પાટીદાર બહેન યેવલામાં હતાં, તેમની સાથેના સ્નેહસંબંધની વાત કરી છે. માત્ર ખેતીનો ધંધો પર્યાપ્ત ન થયો, જમીનની અછત થઈ અથવા જમીનના ભાગ પડતા ગયા ત્યારે ઘણા આફ્રિકામાં ગયા એ વાત તો તદ્દન તાજી છે.


ISSN 0976 – 9609

Last but not the least – છેલ્લું પણ ઓછું મહત્ત્વનું નહીં, એ પુસ્તક છે ''લંકાનો સ્થળ વિચાર.'' આ પુસ્તક એ બતાવે છે કે ભાઈકાકાને આપણા દેશના ઇતિહાસ અને સંસ્કૃતિમાં કેટલો રસ હતો. He was a man of action and a scholar at the same time. એ અદ્‌ભુત Combination છે. Man of action હોય છે એ બધા ''સ્કોલર'' નથી હોતા ને જે ''સ્કોલર'' હોય છે તે Man of action નથી હોતા.

અગાઉ જે પુસ્તકોનો નિર્દેશ કર્યો એમાં તો એમણે અનુભવની વાતો કહી. આમાં અનુભવની વાતો કરવાની ન હતી; આ પ્યોર રિસર્ચની વાત છે. ભાઈકાકા જ્યારે ગ્રામસુધારણાની વાત કરે, શિક્ષણની વાત કરે, ત્યારે તો ધીંગી ધરતી ઉપર ઊભેલા હોય છે. પણ પુરાતત્ત્વમાંયે He is equally at home – એટલી જ આત્મશ્રદ્ધાથી વાત કરે છે. ઇજનેરી કૉલેજમાં એમણે આર્કિયોલોજીનો ઠીક અભ્યાસ કરેલો, એમ એમના ''સંસ્મરણો''માંથી જણાય છે. પ્રાચીન ભારતીય સ્થાપત્ય વિશે એક અંગ્રેજી નિબંધ એમણે વાંચેલો તે ઘણો વખણાયો હતો. પણ ત્યાંના એક પ્રોફેસર બ્રાઉનને લાગેલું કે વિદ્યાર્થી આવું લખી શકે નહીં, એટલે આ પેપર તફડાવેલું છે! આ કારણે એમને પરીક્ષામાં પણ સોસવું પડેલું. ઇજનેરને પ્રાચીન સ્થાપત્યમાં રસ હોય તો અભ્યાસી કરતાં વધારે જીવંત ને વધારે સ્પષ્ટ હોય, કારણકે એ બે વિદ્યાઓ એક બીજા સાથે જોડાયેલી છે. વિદ્યાનગરનું મ્યુઝિયમ એ ભાઈકાકાના પુરાતત્ત્વના રસનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

૧૯૫૭માં ઈન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસની બેઠક એમણે વિદ્યાનગરમાં બોલાવેલી અને એ વખતે ગુજરાત ઇતિહાસ પરિષદની સ્થાપના વિદ્યાનગરમાં થયેલી, જેના ફાઉન્ડર મેમ્બર્સ પૈકી તેઓ એક હતા.

ભાઈકાકાએ એક ઠેકાણે એમ લખ્યું છે કે અલ્લાઉદ્દીન ખિલજી વગેરેના સમયમાં લોકો ઉપર જુલ્મ કરી કરીને, દાટેલા, છુપાવેલા, કોઈ સંચમાં રાખેલા સિક્કાઓ મેળવી મેળવીને ગળાવી નાખેલા હોવા જોઈએ, એમાં મને તથ્ય લાગે છે. કારણ કે ફેરૂ નામનો એક લેખક થઈ ગયો. અલ્લાઉદ્દીન ખિલજીની ટંકશાળાનો એ ઉપરી હતો. એણે પ્રાકૃતમાં ''દ્રવ્ય પરીક્ષા'' નામનો ગ્રંથ લખેલો છે અને રાજસ્થાન ઓરિએન્ટલ સીરીઝમાં એ પ્રગટ થયો છે. એમાં ગુજરાતના સિક્કાઓની પણ એણે વિગતો આપેલી છે, જુદા જુદા રાજાઓએ જે સિક્કા પડાવેલા, તેનાં નામ આપેલાં છે, અને વિસલપ્રિય એટલે વિશબદેવે પડાવેલા, ભીમપ્રિય એટલે ભીમદેવે પડાવેલા, આવા બધા સિક્કાઓનાં નામ આપેલાં છે. સિદ્ધરાજ જયસિંહના આ સિક્કાઓ કોઈ વિદ્યાર્થી લાવેલો અને પાછા લઈ ગયેલો એના ફોટા અહીં છપાવ્યા છે; એ બહાર પાડવાનો પ્રથમ યશ ભાઈકાકાને અને વિદ્યાનગર સંશોધન પત્રિકાને છે.

લંકાના સ્થળનિર્ણય અંગે ભાઈકાકાનું તારણ એ છે કે લંકા મધ્યપ્રદેશમાં હતી અને રાવણ આદિવાસીઓનો ગોંડ રાજા હતો. આની તપાસ માટે તેમણે વિદ્યાનગરની સ્થાપના પછી પ્રો. ડોલરરાય માંકડ અને અમૃત વસંત પંડ્યાને મધ્યપ્રદેશમાં મોકલ્યા હતા. ત્યાર પછી અહીંના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ શ્રી તિવારીને મોકલ્યા હતા, અને ૮૨ વર્ષની વૃદ્ધ વયે પોતે પણ ત્યાં આકરો પ્રવાસ કર્યો હતો; તેની વિગતો એમણે એ પુસ્તકમાં આપેલી છે. જ્યોતિષનો સૂક્ષ્મ અભ્યાસ લંકાના સ્થળનિર્ણય અને એની ભૂગોળ માટે એમણે કામે લગાડ્યો છે. જ્યોતિષ એટલે ગણિત. જ્યોતિષની ગ્રહનક્ષત્રોની સ્થિતિની હું વાત કરું છું. ફલ જ્યોતિષની આ વાત નથી. આ અભ્યાસ ક્યારે કર્યો એની વિગત ભાઈકાકાના સંસ્મરણોમાં કાંઈ જણાતી નથી પણ એ બાબતનો વ્યાસંગ અહીં સુસ્પષ્ટ છે. લોકવાર્તા એવી છે કે કોઈ ખેડૂતને એમ પૂછવામાં આવે છેઃ ''તારે સૂર્ય ચંદ્ર છે, એટલે ઘડિયાળની જરૂર નથી.'' એ પ્રમાણે ખેતીમાં કેટલીકવાર ગ્રહનક્ષત્રનું અવલોકન ઘણા અનુભવી માણસો કરે છે, એમ અહીં હશે? રામાયણમાં ગ્રહનક્ષત્રની જે સ્થિતિ છે એનું અવલોકન કરીને અગત્યનું તારણ આ પુસ્તકમાં ભાઈકાકાએ કાઢેલ છે અને એમના નિરૂપણને સ્પષ્ટ કરતો નકશો પણ આપેલો છે. લંકાના સ્થળનિર્ણય વિશે ઘણું લખાયું છે, પણ આ પુસ્તક છેલ્લું અને આધારભૂત છે; મને એ પ્રતીતિજનક લાગ્યું છે. એની બહુ ટૂંકાણમાં વાત કરું.

૧૯૨૮માં સરદાર કીબેએ એક લેખ આ વિશે લખ્યો છે. શિવઆયરનું પુસ્તક ૧૯૪૦માં પ્રગટ થયું છે તે ભાઈકાકાએ જોયું છે. પણ આ વિષયના બીજા લેખો એમણે જોયા હોય એમ લાગતું નથી. લંકાના સ્થળનિર્ણય પરત્વે એમનું નિરૂપણ સ્વતંત્ર રીતનું જ છે. ૧૯૯૯ના અંત સુધીમાં એમનું પુસ્તક લખાઈ ગયું હતું; બહાર ૧૯૭૩માં પડ્યું, પ્રો.હસમુખ સાંકળિયાએ ''પુરાતત્ત્વ અને રામાયણ'' ૧૯૭૩માં બહાર પાડ્યું. ''રામાયણ મિથ ઓર રિયાલીટી'' એ પણ ૧૯૭૩માં બહાર પડ્યું. એટલેકે એ પુસ્તકો ભાઈકાકાએ જોયાં નથી. ડૉ.ઉમાકાંત શાહ અમારી ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટમાં મારી સાથે ડેપ્યુટી ડિરેક્ટર હતા, એમણે મારા તંત્રીપદ નીચેના ''સ્વાધ્યાય'' ત્રૈમાસિકમાં, ૧૯૭૨માં રાયકૃષ્ણદાસના એક જૂના લેખને આધારે લંકાના સ્થળનિર્ણયનો લેખ લખેલો, એ ભાઈકાકાના લેખ પછીનો છે. એટલે એ બધું જોયા પહેલાં ભાઈકાકાએ સ્વતંત્ર રીતે વિચાર કરીને આ પુસ્તક લખેલું છે અને એ સરળ અને સરસ છે. રામાયણની કથાથી પરિચિત હોય એવા સામાન્ય ગુજરાતી વાચકને એમાંની ભૂગોળ અને એમાંનો નકશો સ્પષ્ટ થાય એટલા સબળ પુરાવાઓ અને પ્રતીતિજનક પ્રમાણ સાથે રજૂ કરવામાં આવ્યા છે.

એન્જિનિયરિંગની ભાઈકાકાની કુશળતા અને સંશોધનશકિતનો માનવ વિદ્યાઓમાં પણ સફળ વિનિયોગ થયો છે, એ ''લંકાનો સ્થળ નિર્ણય'' પુસ્તકમાં આપણને જોવા મળે છે. છેવટે તો એ

 ISSN 0976 – 9609

ટ્રાન્સફર ઓફ ટ્રેઈનિંગ છે. એક વિષયની પ્રવીણતાનો વિનિયોગ બીજા કોઈપણ વિષયમાં થાય.

ભાઈકાકાએ ઘણા લેખો લખ્યા છે. એ લેખોની કોઈએ યાદી રાખી હોય તેવું લાગતું નથી પણ ઘણા લેખો ''અખંડાનંદ''માં અને કેટલાક પ્રો.માવળંકરના સંપાદક પદે પ્રગટ થયેલા ''અભ્યાસ'' માસિકમાં છપાયા છે. અમદાવાદના ઝૂલતા મિનારા જેના સંરક્ષણ માટે આર્કિઓલોજી ખાતું જરા સચિન્ત છે, એ ઝૂલતા મિનારાની ટેક્નિક, તેનું આર્કિટેકચર, તેનું રહસ્ય, એ કેમ ઝૂલે છે, કેવી રીતે બન્યા હશે એનો ખુલાસો આપતો ઉત્તમ લેખ કાં તો ''અભ્યાસ''માં કાં તો ''અખંડ આનંદ''માં એમણે લખેલો. લોકમત વગેરેમાં છપાયેલા કેટલાક લેખો પ્રાસંગિક રીતે અગત્યના હશે. પણ આપણાં ગામોમાં જૂની સમાજવ્યવસ્થા કેવી હતી; કૂવાઓમાં કુદરતી ફિલ્ટર થઈને કેવી રીતે પાણી આવતું, ગામ પાદરનાં તળાવો અને આસપાસના કાંસનો કેવો ઉપયોગ હતો, ''પોટેબલ વોટર'' પીવા લાયક પાણીની વ્યવસ્થા આપણા પૂર્વજોએ કેવી કરી હતી - આવા અનેક વિષયોના એમના લેખો, હું ધારું છું ત્યાં સુધી, ''અખંડ આનંદ' વગેરેમાં છપાયા છે. એકાદ મદદનીશને રોકીને આવા બને એટલા લેખોની યાદી કરાવી, એમાંથી પસંદ કરેલા લેખો ગ્રંથસ્થ કરવા જોઈએ, એમ મને લાગે છે. ગ્રંથસ્થ કરવા યોગ્ય ન હોય એ લેખોની એક યાદી પાછળ આપવી કે કયા સામયિકમાં, કયા અંકમાં, કયા વર્ષે અને માસમાં કઈ તારીખે આ લેખ પ્રગટ થયો છે. હું ધારું છું કે અનેક અભ્યાસીઓને તે ઉપયોગી થશે, એટલું જ નહીં, આપણને પણ એમનો આ અક્ષરદેહ સાચવ્યાનો સંતોષ થશે.

ભાઈકાકાએ પોતાની વિદ્યા સાકાર કરી; જે આચર્યું તેનું પ્રસારણ કર્યું અથવા આચાર એ જ એમનો ઉપદેશ બન્યો. સ્વપ્નસૃષ્ટિને આચાર અથવા કાર્યો દ્વારા સાકાર કરી. સુખ અને દુ:ખને સમાન ગણ્યાં, સંકટો અને વિઘ્નોને આવકાર્યાં તથા ઓળંગ્યાં અને પોતાની અનુભવકથા આપણા સર્વને માટે અક્ષરબદ્ધ કરી. (ચારુતર વિદ્યામંડળ સંચાલિત ભાઈકાકા સ્મારક વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર: ૧૯૮૧)

(-'ભાઈકાકા શતાબ્દી' ગ્રંથમાંથી સાભાર)

## સુખાકારી

**એસ.જી.પટેલ**

સ્વસ્થ અને પ્રસન્ન હોવાની સ્થિતિને આપણે કુશળક્ષેમ ગણીએ છીએ. આવી પરિસ્થિતિમાં આપણે આરામદાયક, તંદુરસ્ત અને આનંદની અનુભૂતિ કરીએ છીએ. પરંતુ સુખાકારીની વિસ્તૃત સમજ કેળવવા તેનો શબ્દાર્થ શોધીએ. સુખાકારીને અંગ્રેજીમાં wellbeingથી ઓળખીએ છીએ. જ્યારે આ શબ્દને બે ભાગમાં વહેંચીએ તો well અને being થાય. અહીં well શબ્દ વિશેષણ તરીકે અને being શબ્દ ક્રિયાપદ તરીકે વપરાય છે. Well-being એ નામ તરીકે વપરાય છે. તે સામાન્ય રીતે સારા સ્વાસ્થ્ય (Good Health) અને સદ્નસીબ (Good Fortune) માટે ઉપયોગમાં લેવાય છે.

ઘણા લોકોને નાની વાતમાં સુખનો અહેસાસ થાય છે અને કેટલાકને ખુશીમાં પણ સુખ ન મળે. સુખ અલગ અલગ પ્રકારના હોય છે. તેમાં કારકિર્દી, સામાજિક, આર્થિક, શારીરિક અને કૌટુંબિક જેવા સુખોનો સમાવેશ મુખ્યત્વે હોય છે. કોઈ પુસ્તક વાંચવાથી કે કોઈના સલાહ માર્ગદર્શનથી સુખ મેળવી શકાતું નથી. તમે તમારો સમય વ્યવસ્થિત રીતે ગોઠવીને અને શાંતિપૂર્ણ જીવન જીવીને સુખી જીવનનો અનુભવ કરી શકો છો. સુખની અનુભૂતિનો આધાર પ્રસન્નતા પર છે. તમને આનંદનો અનુભવ ક્યારે થાય છે? સામાન્ય રીતે તે આર્થિક સુખાકારી કરતાં શારીરિક અને માનસિક તંદુરસ્તી પર વધારે અવલંબિત છે. પ્રસન્ન રહેવા માટે ઘણા રસ્તાઓ છે. જીવનના બધાં પાસાઓ ઉપર ધ્યાન આપવું પડે. તમો સારું કરવાના પ્રયત્નોમાં એકાદ બે બાબતોનું ધ્યાન રાખશો અને અન્ય બાબતોમાં બેધ્યાન થશો તો તમે ખુશ નહીં રહી શકો અને તમારી આસપાસના લોકોને પણ ખુશ રાખી શકશો નહીં.

મોટા ભાગના લોકો ટૂંકાગાળાનો ફાયદો જોતા હોય છે. કેવી રીતે ધનવાન થવું તેના ઉપાયો બતાવતા પુસ્તકો ખરીદતા હોય છે, પાતળા થવાના વિડીયો જોતા હોય છે. સંબંધો કેવી રીતે સાચવવા અને સન્માન મેળવવાના રસ્તાઓ પૂછતા હોય છે. આમ, અંગત બાબતો પ્રત્યે વ્યક્તિ જ્યારે વધારે ધ્યાન લગાવે છે ત્યારે બીજી મહત્ત્વની બાબતો પ્રત્યે ધ્યાન ચૂકી જાય છે. પરિણામે, લાંબા ગાળે નુકસાન થાય છે. ઘણીવાર આપણે ખોટી દિશામાં વિચારવા લાગી જઈએ છીએ. કોઈવાર તો ખોટા લોકોની સલાહ પણ લેતા હોઈએ છીએ. ખરેખર તો ખોટા વિચારો અને ખોટી સલાહ તમારી સફળતામાં અવરોધક બને છે.

લોકો માત્ર પૈસા ભેગા કરનારા કે શરીર બનાવનારા અથવા પ્રેમ શોધનારા નથી હોતા. તેઓ આ બધા જ ધ્યેય એકી સાથે પૂર્ણ થાય તે માટે પુરુષાર્થ કરતા હોય છે. એક સંશોધન અહેવાલ મુજબ, તમારી આવકમાં ગમે તેટલો વધારો થાય, તો પણ તમારી ખુશીમાં માત્ર ૨%નો વધારો થાય છે. જો નાણાંથી સુખ અને આનંદ ખરીદી શકાતા હોય, તો અમીરો રડતા ન હોત, પણ વાસ્તવમાં આવું હોતું નથી.

એક સનાતન સત્ય છે કે આપણી પોતાની સુખાકારી માટે સૌથી વધારે જોખમ આપણે જ લેવું પડે છે. મનુષ્યની જીવનશૈલીને સમજવા માટે સામાજિક સુખાકારીના ગુણાંક (Well Being Index) માટે વિશ્વભરમાં અનેક સંસ્થાનો સંશોધન કરે છે. જેમાં Global Wellness Institute અને Gallup Global Well-Beingનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. વિવિધ સંશોધનોમાંથી ફલિત થાય છે કે વ્યક્તિએ પોતાના જીવનમાં ખુશ રહેવા માટે નીચેની બાબતો પર વિશેષ ધ્યાન રાખવું જોઈએ.

**કારકિર્દીનું સુખ :**

તમારી રોજની પ્રવૃત્તિઓથી તમને કારકિર્દીની સુખાકારીનો અનુભવ થાય છે. આજે મોટાભાગના યુવાનો તેમનો સમય નોકરીમાં ગાળે છે. તમે જ્યારે નોકરીએ હો છો, તો તમે જે કામ કરો છો તે તમને ગમે છે? જો તમારું કાર્ય મનપસંદ હોય તો તે ભારરૂપ નહીં લાગે. ઘણા લોકો


ISSN 0976 – 9609

સગવડતા માટે નોકરીના સ્થળે જ રહેતા હોય છે કારણ કે તેમને બીજી કોઈ પ્રવૃત્તિમાં રસ હોતો નથી. સામાન્ય રીતે દર પાંચ લોકોએ માત્ર એકને જ પોતાની નોકરી ગમતી હોય છે. તમારા કામમાં જો તમે ખુશ ન હો, તો તમારા વિચારો નકારાત્મક થઈ જતા હોય છે. જીવનના બધા સુખોમાં કારકિર્દીનું સુખ સૌથી વધારે મહત્ત્વનું છે.

સ્વીડનના એક સંશોધનનું તારણ છે કે હૃદયરોગ અને ઉપરી અધિકારી તરફથી મળતા ઠપકાને સીધો સંબંધ છે. માણસ સૌથી વધુ દુ:ખી પોતાના કામમાં થયેલા ગોટાળા, સાથી અથવા ઉપરી સાથે થયેલ મતભેદ અથવા તેમના તરફથી મળેલા ઠપકાને કારણે હોય છે. પતિ અને પત્નીમાંથી કોઈ એકનું મૃત્યુ થઈ જાય, તો જે દુ:ખ થાય, તેના કરતાં બેકારીની પીડા વધુ દુ:ખદ છે. વ્યક્તિ જ્યારે બેકારીની પરિસ્થિતિમાં હોય છે, ત્યારે તે ઘણાબધા ભાવનાત્મક ઉતાર-ચડાવમાંથી પસાર થાય છે. ઈકોનોમિક જરનલના અહેવાલ પ્રમાણે બેકાર થયાના પાંચ વર્ષ પછી પણ વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ થતો નથી. આટલી બધી નકારાત્મક અસર તો જીવનમાં બીજી કોઈ ઘટના નથી કરી શકતી. બેકારી પુરુષો પર વધારે અસર કરે છે. યાદ રહે કે કારકિર્દીની સુખાકારી માત્ર સારી નોકરી નથી. તમારી પાસે કોઈપણ નોકરી ન હોય, તો પણ તમે ખુશ રહી શકો છો. તમને જેમાંથી ખુશી મળે તેવા કામ પણ તમે કરી શકો. જેમકે બાળકોનો ઉછેર કરવો, કોઈ સેવાનું કાર્ય કરવું, ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ભણાવવું, વગેરે. જો તમો રોજ પોતાની વ્યક્તિગત શક્તિઓને કામે લગાડી શકો, તો તે કામ પણ આનંદદાયક બની શકે. કારકિર્દી તમારા જીવનમાં એક હેતુ લઈને આવે છે. કારકિર્દી એટલે માત્ર આર્થિક લાભ માટે થતી પ્રવૃત્તિ જ નથી. કામ તો કરતા રહેવું જ જોઈએ. લાંબા જીવનનો એક જ મંત્ર છે : ''હાથ પગ ચાલે ત્યાં સુધી કામ કરવું.''

**સામાજિક સુખાકારી :**

સામાન્ય લોકોને એ ખબર નથી હોતી કે સામાજિક સંબંધો માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે કેટલા જરૂરી છે. જેમના મિત્રો અને કુટુંબ સાથે સારા સંબંધો હોય છે, તેમને સમાજમાંથી પણ સારો ફાયદો થાય છે. તેવા લોકો સાથે તમારી લાગણીઓ ખુલ્લા દિલથી રજૂ કરી શકો છો. તમારા પરિવારજનો અને સંબંધીઓ તમારી ખબર-અંતર પૂછે છે ત્યારે તમો એક બેટરીની જેમ ચાર્જ થઈ જાવ છો અને ખુશ પણ રહી શકો છો. માણસોના વ્યવહારમાં તેમની આસપાસ રહેતા લોકોને કારણે પરિવર્તન આવે છે. તમારી લાગણીઓ બીજાઓની ભાવનાઓ ઉપર અસર કરે છે. તેમના સ્વભાવનો પણ તમારા પર પ્રભાવ પાડે છે.

સકારાત્મક સંબંધો જીવનના ખરાબ પ્રસંગોને ભૂલવામાં મદદ કરે છે. જેઓ પોતાની મુશ્કેલીઓ બીજા પાસે વહેંચી શકતા નથી, તેઓ હૃદયરોગના ભોગ બનતા હોય છે. સુખાકારી ઇચ્છતા લોકોએ દિવસના બે-ત્રણ કલાક સમાજમાં ભળવું જ જોઈએ. કોઈ કારણસર તમારો દિવસ ખરાબ રહ્યો હોય તો પણ લોકોને મળવાથી તમે ખુશીનો અનુભવ કરી શકશો. તમને ખુશ કરી શકે તેવો એક મિત્ર તો તમારા જીવનમાં હોવો જ જોઈએ. ત્રણ કે ચાર મિત્રો હોય તો ઉત્તમ. જેમ જેમ તમે લોકોને મળશો તેમ તેમ તમારી ઉદાસી દૂર થતી જશે. એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી લાગણીઓના Vibrations પહોંચતા જ હોય છે.

**આર્થિક સુખાકારી :**

તમારી સુખાકારીમાં નાણાંનું મૂલ્ય કેટલું છે તે સમજવા જેવું છે. ગેલપના ૧૩૨ દેશોમાં કરાયેલ સંશોધન અહેવાલ મુજબ વાર્ષિક આવક સાથે તમારી સુખાકારીનો સીધો સંબંધ છે. સર્વેમાંથી ફલિત થયેલ છે કે ૫૬% લોકો એવા છે કે જેમની પાસે ઓછા નાણાં છે અને ક્યારેક ભૂખ્યા ઊંઘી જાય છે. તેમને ક્યારેક દવાઓ પણ પરવડતી નથી. આવા લોકો સ્વાભાવિક રીતે ખુશી અનુભવી શકે નહીં. જો તમારી પાસે પૈસા હોય તો તમારી સુખની લાગણીઓ વધી જાય છે. જ્યારે તમે બીજા કોઈ માટે પૈસાનો ખર્ચ કરો અને તેનાથી કોઈને કોઈપણ બાબતે ખુશી ન આપી

શકો, તો તેવા સમયે પૈસા વેડફાઈ જવાની તકો વધી જાય છે. આર્થિક સુખાકારી અનુભવવા માટે તમારું અમીર હોવું જરૂરી નથી, પણ તમારા નાણાં માટેનો અભિગમ એકદમ વ્યવસ્થિત હોવો જોઈએ. ટૂંકમાં, તમારી જરૂરિયાત જેટલા પૈસા મળી રહે છે એ વિચાર જ સકારાત્મક સુખ આપે છે.

**શારીરિક સુખાકારી :**

ખાવા-પીવા માટે આપણી જ પસંદગી હોય છે.પૌષ્ટિક આહાર આપણી તંદુરસ્તી સાચવવા જરૂરી ગણાય છે. શાકભાજી, ફળો અને ખૂબ પાણી આપણને સકારાત્મક ઊર્જા આપે છે જ્યારે બજારના જંકફૂડ અને કોલ્ડ્રીંક્સ સારી તંદુરસ્તીમાં અવરોધક બને છે. સારી પસંદગી જેવી કે રોટલી અને શાક તમને આખો દિવસ તંદુરસ્ત રાખશે. જ્યારે તમે ચરબીથી ભરપૂર ભોજન કરો છો, ત્યારે તમારી નસો તમારા મગજ સુધી લોહી પહોંચાડી શકતી નથી. પરિણામે તમે શારીરિક અને માનસિક રીતે ધીમા પડી જાવ છો. આથી યોગ્ય આહાર લો. જો તમો બરોબર સમયસર ખાતા-પીતા રહેશો તો તમારું શરીર સરસ અને સુમેળભર્યું કામ કરશે. પૌષ્ટિક ખોરાક સાથે પૂરતી ઊંઘ અને કસરત પણ જરૂરી છે. દૈનિક ક્રિયામાં કરેલો થોડો બદલાવ તમારા દિવસની ગુણવત્તા સુધારી શકે છે. સારી ચરબીવાળો ખોરાક જેમ કે સૂકો મેવો અને ઓલિવ ઓઈલ તમારા મગજને તંદુરસ્ત બનાવે છે. તમે કેવા દેખાવ છો તેની ઘણી અસર તમારા મન ઉપર થાય છે. જો તમારી ટેવો સારી હોય અને તમે તમારા શરીર પર પૂરતું ધ્યાન આપી રહ્યા હો તો તમારું મન પણ ખુશ રહેશે.

**કૌટુંબિક સુખાકારી :**

તમારા કૌટુંબિક સુખનો આધાર તમારા રહેણાંક સ્થળ પર પણ રહેલો છે. તે જગ્યા તમારા કુટુંબ, તમારી જાત અને તમારા રસ-રુચિ-વલણ સાથે સુમેળ ધરાવતી હોવી જોઈએ. સારા વાતાવરણમાં રહેવું પૂરતું નથી. તમારું પોતાનું યોગદાન પણ હોવું જરૂરી છે. કૌટુંબિક બાબતોમાં સ્વેચ્છાએ કરેલા કાર્યો બધાના ભલામાં હોવા જોઈએ. જ્યારે તમે બીજા લોકો માટે જીવો છો, બીજા લોકોનું સુખ વિચારો છો, બીજા લોકોને મદદ કરો છો, ત્યારે આ બધા જ સંજોગો તમને અનેરો આનંદ આપે છે.

મિત્રો, તમારી પાસે જરૂર પૂરતા નાણાં હશે અને તંદુરસ્ત હશો, તો પણ જીવન જીવવાની ખૂબ જ મજા આવશે. તમને મનગમતી જગ્યાએ પૈસા ખર્ચવાની મજા જ અલગ છે. તમારા કૌટુંબિક અને સામાજિક સંબંધો સારા હોય તો એ પણ ઉત્તમ કહેવાય. છેલ્લે, શું ખાવું, કઈ કસરત કરવી, કેવી મિત્રતા નિભાવવી, સમાજ માટે શું કરી છૂટવું એ બાબતે આપનો અભિગમ જ આપના જીવનનો પથદર્શક બની રહેશે.

(-માનદ્મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

॥ વિદ્યાવૃત્ત ॥

**સી.વી.એમ. યુનિવર્સિટીની ADIT કોલેજની વિદ્યાર્થિનીની રાષ્ટ્રીય સ્તરે નિબંધ સ્પર્ધામાં સફળતા**

સી.વી.એમ. યુનિ.ની ન્યૂ વિદ્યાનગર સ્થિત એ.ડી.આઈ.ટી. એન્જિનિયરિંગ કોલેજની ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દિશા પુરોહિતે રાષ્ટ્રીય સ્તરે યોજેલી 'હાર્ટફુલનેસ નિબંધ સ્પર્ધા-૨૦૨૦' (હિન્દી, કેટેગરી -૨)માં ૯મો રેન્ક મેળવીને એ.ડી.આઈ.ટી. કોલેજ અને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે.

શ્રી રામચંદ્ર મિશન (SRCM), યુનાઇટેડ નેશન્સ ઇન્ફોર્મેશન સેન્ટર ફોર ઇન્ડિયા એન્ડ ભુતાન (UNIC) અને હાર્ટફુલનેસ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ નિબંધ સ્પર્ધામાં અંદાજે ૨૫ જેટલી શાળા-કોલેજોમાંથી પણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં દિશા પુરોહિત ગુજરાત રાજ્યમાંથી એકમાત્ર વિદ્યાર્થિની છે કે જેણે ૯મો રેન્ક પ્રાપ્ત કરીને રાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવી છે. આ પ્રસંગે સી.વી.એમ.ના તમામ હોદ્દેદારોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.


ISSN 0976 – 9609

## તરણા ઓથે ડુંગર

**ધીરો**

તરણા ઓથે ડુંગર કોઈ દેખે નહીં;
અજા જાય માંહે રે, સમરથ ગાજે સહીં, - તરણા-ટેક

સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગ રાજન;
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશંન;
દધી ઓથે ધૃતજરે, વસ્તુ એમ છૂપી રહી. - તરણા.

કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમકેરી ગમ નહીરે, વાણી ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહી. - તરણા.

મન પવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મપુરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ નહિ કો ઠાલરે, એક અણુ માત્ર કહી. - તરણા.

સદ્ગુરુજીએ કૃપા કરી ત્યારે, આપ થયારે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરો કહે છે રે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી.- તરણા.

## ભણી ભણીને શું જાણીએ

**બાપુસાહેબ ગાયકવાડ**

ભણી ભણીને શું જાણીએ રે, ભાઈ, ભણવાનો કંઈ પાર નથી;
મૂળ વિદ્યાનું કોઈ ના જાણે; ઘણા ભણેલા મુવા નથી.

ભણી ચાર વેદ ખટ શાસ્ત્ર જાણીએ, વ્યાકરણ વાણી કથા કથી;
સંસ્કૃત સૌ સમજ્યામાં આવ્યું, મૂળ ના સમજ્યા વિદ્યાથકી.

વાલ્મીક વ્યાસ વૈશંપાયન ઋષિ, સનક સનાતન નારથદી;
આદ અમૂલ તો નવ ઓળખાયું, શૂક શેષ ને શારદથી.

બ્રહ્મા ભાસ્યા વેદ પ્રકાશી, હરીહરં હાર્યા હારદથી;
તેથી ભારે કોણ ભણેલા, બ્રહ્મદેવ ઉદારથથી.

પરાપશંતી મધ્વા વૈખરી, વિદ્યા આદ્ય ભણી વાણીથી;
વાણીના પ્રેરકને પ્રીછો, આદ્ય કહો એધાણીથી.

ઓંકાર આદ્ય ભઉ સઉ ઉતપત, કાર ઉપન્યો માયાથકી;
માયાના પ્રકારને પ્રીછો, બાપુ આદ્યભઈ અનાદિથી.

## મનજી મુસાફર રે

**દયારામ**

મનજી મુસાફર રે, ચાલો નીજ દેશભણી;
મુલક ઘણા જોયા રે, મુશાફરી થઈ છે ઘણી. ટેક.

સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભુલતા ભાઈ;
ફરીને આ મારગ મળશે નહીં, એહવી છે અવળાઈ;
સમજીને ચાલો સીધા રે, ના જાશો ડાબા કે જમણી. મનજી.

વચ્ચે ફાંશીઆ વાટે મારવાને, બેઠા છે ચાર;
માટે વળાવા રાખો બે ત્રણેક, ત્યારે તેનો નહીં ભાર;
મળ્યો છે એક ભેદી રે, કહેલી ગતી સહુ તે તણી. મનજી.
હાવાં માલ વોહોરોતો વોહરો શેઠના નામનો,
થાય ના ક્યહું અટકાવ;

આપણો કરતાં જોખમ આવે, ફાવે ઘણીનો દાવ;
એટલા સારૂ રે, ના થાવું વોહરના ધણી. મનજી.

જો જો જુગથકી જાવું છે, કરજો સંભાળી કામ;
દાસ દયાને એમ ગમે છે, હવાં જઈએ પોતાને ગામ;
સૂઝે છે હાવાં હેવું રે, અવધ થઈ છે આપણી. મનજી.

## વીજળીના ચમકારે

**ગંગા સતી**

વીજળીના ચમકારે મોતી પરોવવું, પાનબાઈ
નહિતર અચાનક અંધારા થાશે.

જોતજોતામાં દિવસ વયા ગયા, પાનબાઈ
એકવીસ હજાર છસોને કાળ ખાશે.

જાણ્યા જેવી આ તો અજાણ છે, પાનબાઈ
આ તો અધૂરિયાને નો દેખાય.

આ ગુપ્તરસનો ખેલ છે અટપટો
આંટી મેલો તો છૂટી જાય.

નિર્મળ થઈને આવો મેદાનમાં, પાનબાઈ
જાણી લિયો જીવની જાત.

સજાતિ વિજાતિની જુગતી બતાવું ને
બીબે પાડી દઉં રૂડી ભાત
પિંડ બ્રહ્માંડથી પર છે ગુરુ, પાનબાઈ
તેનો દેખાડું હું તમને દેશ.

ગંગા સતી એમ બોલિયાં રે, પાનબાઈ
ત્યાં નહીં માયાનો જરીએ લેશ.

## જાણે નહીં

ભરત વિંઝુડા

કશુંક જાણે પરંતુ ઘણું ય જાણે નહીં,
અહીં બધાંય ખરેખર બધુંય જાણે નહીં!

ખબર તમોને પડી ગઈ છે ચોકમાં શાથી,
બનેલું ઘરમાં શું એ બારણુંય જાણે નહીં!

ભવિષ્ય વિશે તો ક્યાંથી વિચારશે તેઓ,
જૂનુંય જાણે નહીં ને નવુંય જાણે નહીં!

ન જાણવાની મજા શું છે, પૂછવું કોને,
ન જાણનાર અહીંયાં કશુંય જાણે નહીં!

નગરમાં સંત પધાર્યા છે એક એવા કે
કહે છે, જાણે છે એવું પ્રભુય જાણે નહીં!

''રામકૃપા'', ખાદી કાર્યાલય પાસે, સવારકુંડલા,
જિ.અમરેલી. મો.૯૪૨૬૪ ૫૬૯૩૪

## ગઝલ : ખુલ્લી રહેલ બારી...

હાર્દિક વ્યાસ

પુરુષાર્થની ખુમારી તમને પૂછી રહી છે.
પ્રારબ્ધની અટારી તમને પૂછી રહી છે.

ખુલ્લી રહેલ બારી તમને પૂછી રહી છે.
વરસોથી એકધારી તમને પૂછી રહી છે.

દશ્યોય સંકેલાયા, ઘટનાની થઈ ખુવારી,
ફાવી ન એકે કારી?! તમને પૂછી રહી છે.

જેની ઉપાસનાથી ઘર સ્વર્ગ થઈ ગયું છે,
એ અશ્મીભૂત નારી તમને પૂછી રહી છે.

સામેના આંગણામાં એવું શું જોયું આજે?
સંબંધની ઉધારી તમને પૂછી રહી છે.

પૂછવું જ હોય તો એ પૂછી શકાય એમ જઃ
''શાની હવે તૈયારી તમને પૂછી રહી છે?''

પૂછી પૂછીને પ્રશ્નો ઉત્તર થઈ ગયા છે;
અવકાશની કિનારી તમને પૂછી રહી છે.

''અગ્નિની આખ્ખેઆખી પેઢી નહીં ઉગારો?''
– છેલ્લી બચી ચિનગારી તમને પૂછી રહી છે.

નિર્માણ એ હશે તો નિર્વાણ પણ હોવાનું;
આવી રહી સવારી – તમને પૂછી રહી છે...!

## ઊભી છે

યોગેશ પંડ્યા

વૃક્ષના થડને નિરાંતે જો અઢેલી ઊભી છે,
ક્યારનીયે રાહ જોતી એક સહેલી ઊભી છે.

નવવધૂ ઊભી છે જાણે કૃષ્ણ પાસે રાધિકા,
વૃક્ષને વિંટળાઈ જાણે એક વેલી ઊભી છે.

વાટ જુએ છે હંમેશા આંગણે મહેમાનની,
આવકારો આંખમાં લઈ એક ડેલી ઊભી છે.

ના, હવે ચિંતા નથી કે દોસ્ત તારું શું થશે?
કો'કની દુઆ જ તારું મોત ઠેલી ઊભી છે.

હું મુસાફર જન્મજન્માંતરનો થાક્યો છું હવે,
બથ ભરી રોકી લે, એવી ક્યાં હવેલી ઊભી છે?

હમસફર ચલ કર શરુ જો સાદ પાડે મંઝિલો,
છે કિનારે એક હોડી નાંગરેલી ઊભી છે.

કર સુમિરન ને પછી ઉજાળી લે આ આયખું,
રાહ જોતી એ જ ક્ષણની, ક્ષણ આ છેલ્લી ઊભી છે.

૧૪૧, શિવનગર, તળાજા રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨
વોટ્સએપ ૯૩ ૭૭ ૧૧ ૪૮ ૯૨

## ગામની યાદ

દિનેશ પંડ્યા

તળાવનો ભીનો ઓવારો, સાંજ પડે ને યાદ આવે છે
જલમાં ક્રીડા કરતો તારો, સાંજ પડે ને યાદ આવે છે

ધુમ્મસ જેવો છવાઈ જાતો ચૂલાનો મીઠો ધુમાડો
ભાગોળે અંધારું ઓઢ્યું, સાંજ પડે ને યાદ આવે છે

તમરાંનો તંબૂરો લઈને ચીબરી ગજવે આ સીમાડો
ધજા ફરકતી ભગવી પેલી, સાંજ પડે ને યાદ આવે છે

આછું અંધારું ઓઢેલી ગલીઓમાં શોધું પડછાયો
દૂર દૂર ટમટમતો દીવો, સાંજ પડે ને યાદ આવે છે.

બી/૩, માધવનગર સોસાયટી, ભગતવાડીની પાછળ, બોડેલી –
૩૯૧ ૧૩૫, જિ.ઉદેપુર



ISSN 0976 – 9609

## અધ્યાપક માટે ઉપાસના-મૂર્તિ

**કાકા કાલેલકર**

અધ્યાપક માટે તેના વિદ્યાર્થીઓ એ જ તેની ઉપાસનાની મૂર્તિ છે. એમની સેવા એ તેની પૂજા છે, એમનો વિકાસ એ તેનો પ્રસાદ છે. એમનું અધઃપતન એ તેનું નરક છે, અને ચારિત્ર્યની દૃઢતા એ જ તેનું સ્વર્ગ છે. દુર્બળ લોકોને મોળા પડતા રોકે ને શૂર ચઢાવે, તે અધ્યાપક. ઢોર જેવા પ્રાણીને શિક્ષક દેવ જેવા માણસ બનાવી શકે છે. ગુરુએ શિષ્યમાં જ્ઞાન રેડવાનું નથી. શિષ્યની બુદ્ધિ એ કંઈ વાસણ નથી, તે એક કમળ છે; સૂર્યની પેઠે દૂરથી જ પોતાનાં પ્રખર-સૌમ્ય કિરણોથી તેનો વિકાસ કરવાનો છે. વિદ્યાર્થીઓને વિદ્યાનંદ ને સેવાનંદનો સ્વાદ ચખાડવો, અને આદર્શ પાછળ ગાંડા થવામાં જ જીવનની સફળતા છે તે સમજાવી દેવું, એ શિક્ષકનો આનંદ છે.

અજ્ઞાન સામે, અન્યાય સામે, અનાચાર સામે, ધીમું પણ પ્રખર યુદ્ધ ચલાવવું, એ કેળવણીકારનો સ્વધર્મ છે. સાચો કેળવણીકાર સમાજનો આશ્રિત નથી હોતો, પણ સમાજનો અગ્રેસર વિચારક હોય છે, આચારવીર હોય છે. હૃદયપલટો કરાવવો અને તેને માટે અખૂટ ધીરજ રાખવી, એ એક જ શસ્ત્ર કેળવણીકારો પાસે છે. જેની પાસે ધીરજ નથી, તે કેળવણીકાર નથી.

જેમ ન્યાયખાતા પર રાજ્યકર્તાઓનો અંકુશ ઓછામાં ઓછો હોવો જોઈએ, તેમ જ કેળવણીના તંત્ર પર કોઈ પણ સરકારનો ઓછામાં ઓછો અંકુશ હોવો જોઈએ. સાચા કેળવણીકારો રાજકીય અને સામાજિક નિયંત્રણથી પર હોવા જોઈએ. પણ એટલી યોગ્યતા અને અધિકાર પચાવવા માટે કેળવણીકારો જ્ઞાન અને ચારિત્ર્યમાં આદર્શ હોવા જોઈએ. એમનો પોતાના ઉપરનો અંકુશ જોઈને સમાજનું માથું એમની આગળ નમે, એવું હોવું જોઈએ.

અધ્યાપકનો ધંધો સ્વીકાર્યા પછી મને એક લાભ એ થયો કે હું નિર્દોષ વિદ્યાર્થીઓના સમાગમમાં આવ્યો. વિદ્યાર્થીઓ માને કે, કાકાને મળવાથી એમનાં શાન અને અનુભવનો લાભ આપણને મળે. પણ મને પોતાને વિદ્યાર્થીઓના સહવાસથી ખૂબ મળ્યું છે. કદાચ ગાંધીજીના સહવાસથી પણ એટલું બધું નહીં મળ્યું હોય. વિદ્યાર્થીઓના સહવાસમાં હું સદાય જુવાન રહેવાનો, વૃદ્ધપણું મને નહીં આવે. વિદ્યાર્થીઓ પાસેથી હું નમ્રતા શીખ્યો. પણ સૌથી મોટો લાભ તો મને એ થયો કે તેમના સહવાસને લીધે હું પવિત્રતા જાળવતાં શીખ્યો. મારું મન ઘણી વાર પડવા ઇચ્છે તો પણ, વિદ્યાર્થીઓને લાયક બનવાના વિચારથી પડતો બચી જાઉં.

(-'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

।। વિદ્યાવૃત્ત ।।

### સીવીએમ યુનિવર્સિટિ, એરીબાસ કોલેજમાં કેમ્પસ ઇન્ટરવ્યૂ યોજાયો

ન્યુ વિદ્યાનગરની એરીબાસ કોલેજમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં એવાં એમ.એસ.સી ફાર્માસ્યુટિકલ, ઇન્ડસ્ટ્રીયલ બાયોટેકનોલોજી અને એમ.એસ.સી બાયોટેકનોલોજીનાં વિદ્યાર્થીઑ માટે કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. ડભાસા (વડોદરા) મુકામે આવેલી લુપિન લિમિટેડ કે જે ભારતની પ્રખ્યાત દવાઓ બનાવતી કંપનીને એરીબાસ કોલેજમાં કેમ્પસ ઇન્ટરવ્યૂ યોજવા માટે પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો જેનો સ્વીકાર કરી લુપિન લિમિટેડનાં ઉચ્ચ અધિકારીઓ આવ્યાં હતાં. કંપનીના ક્વોલિટિ કંટ્રોલ લેબનાં અધિકારીઓનું એરીબાસ ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેઓનો પરિચય સંસ્થાનાં ઇન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈ દ્વારા સૌ વિદ્યાર્થીઑને કરાવામાં આવ્યો હતો, અધિકારીઓ દ્વારા કંપનીની પ્રોફાઇલ, પ્રોડક્શન અને તેનાં વિકાસની રજૂઆત વિદ્યાર્થીઑ સમક્ષ કરવામાં આવી હતી, ત્યારબાદ સંસ્થાના વિદ્યાર્થીઑનો લેખિત ટેસ્ટ, ગ્રુપ ચર્ચા અને ત્યારબાદ મૌખિક ઇન્ટરવ્યૂ યોજવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઑ ને કેમ્પસ ઇન્ટરવ્યૂ દરમ્યાન અનુભવ્યું કે અમારી આંતરીક શક્તિ અને મનોબળ મજબૂત બન્યાં છે. કેમ્પસ ઇન્ટરવ્યૂનું સમગ્ર આયોજન  સંસ્થાના ઇન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈના માર્ગદર્શન પ્રમાણે એમ.એસ.સી ફાર્માસ્યુટિકલ ડિપાર્ટમેંટનાં હેડ ડો. રીતુ દીક્ષિત, ડો. નિર્મલ પટેલ અને ડો. ખુશાલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

॥ અનુવાદ ॥

# કૃતઘ્ની માણસ
## ('પંચતંત્ર'ની એક વાર્તાનો ભાવાનુવાદ)

**રમેશ એમ. ત્રિવેદી**

એક ગરીબ બ્રાહ્મણ હતો. તેને કોઈ કામધંધો ન મળતાં, ઘણી વખત એના આખાયે કુટુંબને ભૂખે મરવાનું થતું. એટલે એવી આશાએ આ ગામ છોડી દીધું, કે કદાચ ક્યાંક તો એને કામ મળી રહેશે. આખો દિવસ ચાલચાલ કર્યા પછી તે એક ગાઢ જંગલ પાસે આવી પહોંચ્યો. ભૂખ, તરસ અને થાકથી તે પિડાતો હતો. પાણી માટે તેણે આમતેમ નજર ફેરવી. નજીકમાં જ એક કૂવો તેણે જોયો. કૂવામાં એણે ડોકિયું કર્યું તો ત્યાં તો, એક વાઘ, એક વાંદરો, એક સાપ અને એક માણસને જોયાં. અ બધા કૂવામાં પડી ગયાં હતાં!

વાઘે બ્રાહ્મણને જોતાં જ કહ્યું : 'હે દયાળુ બ્રહ્મદેવ! મને કૂવામાંથી બહાર કાઢો, જેથી હું મારા પરિવાર પાસે જઈ શકું.'

બ્રાહ્મણે કહ્યું : 'તું તો વાઘ છે. મને તારો ખૂબ ડર લાગે છે. તું મને ફાડી નહીં ખાય એવો ભરોસો તારા પર શી રીતે મૂકી શકું?'

વાઘે બ્રાહ્મણને વચન આપ્યું કે, તે તેને જરા પણ ઈજા નહીં પહોંચાડે. બ્રાહ્મણે વિચાર્યું : બીજા લોકો પ્રત્યે ભલાઈ દાખવવી એ સારી બાબત છે... તેણે વાઘને કૂવામાંથી બહાર ખેંચી કાઢ્યો. વાઘે તેનો આભાર માન્યો અને કહ્યું : 'આ પેલા પર્વતોમાં આવેલી એક ગુફામાં હું રહું છું. ક્યારેક તમારી આગતાસ્વાગતા કરતાં મને ખૂબ આનંદ થશે; અને એ રીતે હું ઋણમુક્ત પણ થઈ શકીશ.'

પછીથી બ્રાહ્મણે વાંદરાની વાત સાંભળી અને તેને પણ કૂવામાંથી બહાર કાઢ્યો. વાંદરાએ કહ્યું : 'તમને ક્યારેક અન્ન (ખોરાક)ની જરૂર પડે તો કૃપા કરીને અવશ્ય મને યાદ કરજો. હું તમારા માટે જોઈએ તેટલાં ફળ લાવી આપીશ. મારું રહેઠાણ પે..લા, મોટા પર્વતની તળેટીમાં આવેલું છે.'

ત્યારબાદ સાપે પણ તેને બહાર કાઢવાની વિનંતી કરી. બ્રાહ્મણે કહ્યું : 'તને બહાર કાઢું?! તું મને કરડે તો..!' સાપે જ્યારે બ્રાહ્મણને 'ન કરડવાનું' વચન આપ્યું ત્યારે બ્રાહ્મણે સાપને પણ કૂવામાંથી બહાર કાઢ્યો! સાપે પણ બ્રાહ્મણની વિદાય લેતાં, 'જ્યારે મદદની જરૂર પડે ત્યારે' સહાય કરવાનું વચન આપ્યું.

અલબત્ત, જતા પહેલાં દરેક પ્રાણીએ કૂવામાં રહેલા માણસને બહાર ન કાઢવાની વિનંતી કરી હતી : 'જો એમ કરશો તો તમે પોતે જ મુશ્કેલીમાં મુકાઈ જશો... બધાંના જતા રહ્યા પછી, કૂવામાંના માણસે પોતાને બચાવી લેવાની બ્રાહ્મણને વિનંતી કરી. બ્રાહ્મણે તેને પણ બહાર કાઢી બચાવી લીધો.'

'તમારી ભલમનસાઈ માટે હું તમારો આભાર માનું છું. હું ગરીબ સોની છું. નજીકના જ શહેરમાં હું રહું છું. તમને ક્યારેય મારી મદદની જરૂર પડે, તો અવશ્ય મારી પાસે આવજો.' માણસ બોલ્યો.

માણસના ગયા પછી, બ્રાહ્મણે પુનઃ પોતાની મુસાફરી આગળ વધારી. તેને કશું જ કામ મળ્યું નહોતું. તે એટલો દુ:ખી થઈ ગયો કે, બાજુની નદીમાં પડીને ડૂબી મરવાનો પણ નિશ્ચય કરી લીધો હતો! એ દરમિયાન વાઘ, વાંદરો, સાપ તથા માણસે આપેલાં વચનો બ્રાહ્મણને યાદ આવ્યાં. તેણે પોતાનું નસીબ અજમાવવાનું વિચાર્યું.

સૌપ્રથમ તે બ્રાહ્મણ વાનર પાસે ગયો. વાનરે તો બ્રાહ્મણને ઉષ્માભર્યો આવકાર આપ્યો અને વનમાંથી ફળ પણ લાવી આપ્યાં! બ્રાહ્મણે પણ તેની તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને મીઠો આવકારો આપવા બદલ આનંદ પણ પ્રગટ કર્યો!

પછીથી બ્રાહ્મણને થયું, 'લાવ જોઈએ તો ખરા! વાઘ તેના પ્રત્યે કેવું વર્તન રાખે છે!' વાંદરાએ બ્રાહ્મણને વાઘની બૉડ તરફ જતી કેડી પણ બતાવી.. બ્રાહ્મણને જોતાં જ, વાઘ આવકાર આપવા માટે સામે દોડ્યો! વાઘ એના બચાવનારને, ભૂલી નહોતો ગયો. વાઘે બ્રાહ્મણને એક સોનાનો હાર અને થોડાંક ઘરેણાં પણ આપ્યાં! આવી કીમતી ભેટ માટે બ્રાહ્મણે વાઘનો ઘણો આભાર માન્યો અને ત્યાંથી આગળની મુસાફરીએ નીકળ્યો. એની આ મુસાફરીમાં, ભાગ્ય જ પલટાઈ ગયાનો તેને અનુભવ થયો! પોતે એ ઘરેણાંની સારી એવી કિંમત ઉપજાવીને ઘરેણાં વેચી દઈ પોતે ઘેર પાછો ફરશે ત્યારે એની પત્ની કેટલી બધી ખુશ થઈ જશે! એમાંથી મેળવેલા દ્રવ્ય વડે હવે તે સુખમય જીવન ગાળી શકશે!

પરંતુ, એને થયું : 'આ ઘરેણાં વેચી આપવામાં મને કોણ મદદરૂપ થશે?' ...તેને પેલો સોની યાદ આવ્યો, જેને તેણે કૂવામાંથી બહાર કાઢી, તેનો જીવ બચાવવાનો ઉપકાર કર્યો હતો! તે બ્રાહ્મણ પછીથી સોનીને મળ્યો અને કહ્યું : 'ઘરેણાં વેચવા માટે મને તમારી મદદની જરૂર છે...' સોનીએ ઘરેણાં હાથમાં લઈ ચકાસી જોયાં. 'હું તમને અવશ્ય મદદ કરીશ. પરંતુ પહેલા આપણે આ ઘરેણાંને બીજા સોની પાસે ચકાસાવડાવી લઈએ..તમે થોડોક સમય અહીં થોભો.'



ISSN 0976 – 9609

એમ બોલીને, સોનીએ પોતાની પત્નીને, પેલા બ્રાહ્મણ પર નજર રાખવાની, સંકેત દ્વારા સૂચવીને, ઝડપથી રાજમહેલ પહોંચી ગયો.

રાજમહેલમાં જઈને પેલા સોનીએ રાજાને સોનાના દાગીના બતાવીને કહ્યું : 'નામદાર! એક માણસ આ દાગીના લઈને મારી પાસે આવ્યો છે; અને તેણે એ દાગીના વેચી આપવાનું કહ્યું છે! આ એ જ ગુમ થયેલાં ઘરેણાં છે, જે મેં ખાસ રાજકુમાર માટે જ તૈયાર કર્યાં હતાં!... મેં એ માણસને મારે ઘેર રોકી રાખ્યો છે અને આપની સમક્ષ આ ઘરેણાં આપને બતાવવા માટે લઈ આવ્યો છું.'

રાજાએ બ્રાહ્મણને પકડી મંગાવ્યો; અને જેલમાં જ પૂરી દીધો. બ્રાહ્મણે જેલના રક્ષકને પૂછ્યું : 'તમે શા માટે મને કેદમાં નાખ્યો છે?' જેલર કહે, '...કારણકે તમે ઘરેણાં ચોરવા માટે રાજકુમારને મારી નાખ્યો છે...' બ્રાહ્મણ તો આવો આરોપ સાંભળીને પહેલાં તો ડઘાઈ જ ગયો...પરંતુ અત્યારે આ સ્થિતિમાં તે કરી પણ શું શકે એમ હતો? તેને મદદ કરનાર કોઈ જ ત્યાં નહોતું. એ જ વખતે બ્રાહ્મણને પેલા સાપના શબ્દો યાદ આવ્યા. સાપે બ્રાહ્મણને જરૂર પડ્યે મદદ કરવાનું વચન આપ્યું હતું. એણે સાપને મળવાનો વિચાર કર્યો... એટલામાં તો સાપ તેની સમક્ષ હાજર થઈ ગયો! સાપ બોલ્યો : 'તમારા માટે હું શું કરી શકું!' 'અરે, મહેરબાની કરીને મને મદદ કર...' એટલું બોલતાં તો બ્રાહ્મણ રડી પડ્યો અને તેણે સાપને આખીયે બાબત વર્ણવી બતાવી.

થોડોક વિચાર કરી સાપ બોલ્યો : 'તને મદદ કરી શકાય તે માટે મારી પાસે એક યુક્તિ છે. હું રાણીના મહેલમાં ચૂપકીદીથી દાખલ થઈ જઈશ અને રાણીને ડસીશ. એથી રાણી બેભાન થઈ જશે. ગમે એટલા ઉપાય કરવા છતાં રાણી અચેતન અવસ્થામાં જ રહેશે!'

'પછી શું થશે?' ...ગભરાયેલા બ્રાહ્મણે સાપને પૂછ્યું. સાપે કહ્યું : 'જ્યાં સુધી તું રાણીના કપાળ ઉપર તારો હાથ ફેરવી નહિ, ત્યાં સુધી મારા ડંખનું ઝેર રાણીના શરીરમાં જ રહેશે.' બીજી પણ કેટલીક સમજ આપીને સાપ તો રાજાના મહેલમાં ચૂપકીદીથી સરકી ગયો!

રાણીને સાપે ડંખ માર્યાના સમાચાર નગરમાં વાયુવેગે ફેલાઈ ગયા. રાણીની સારવાર માટે પણ અનેક વૈદ્યરાજો આવવા લાગ્યા..પરંતુ રાણીને તેમની દવાઓ સજીવન કરવામાં નિષ્ફળ ગઈ. છેવટે, રાજાએ રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે, જે કોઈ માણસ મારી રાણીને સાજી કરશે તેને પુષ્કળ દ્રવ્ય આપીને સન્માનિત કરવામાં આવશે.

ઘણા લોકોએ રાણીને સાજા કરવાના પ્રયત્ન કરી જોયા. પરંતુ એ બધા પ્રયાસો નિષ્ફળ જતા હતા. બ્રાહ્મણને કાને આ સમાચાર આવ્યા હતા, તેથી તેણે જેલના રક્ષકને જાણ કરી કે 'હું રાણીને સાજી કરી શકું એમ છું..'

જેલર તરત જ બ્રાહ્મણને રાજમહેલમાં લઈ ગયો અને વાત કરી. એટલે રાજા પોતે તે બ્રાહ્મણને રાણીના આવાસમાં સારવાર માટે લઈ આવ્યો. સાપના ડંખથી રાણીને શરીર ભૂરું થઈ ગયું હતું. બ્રાહ્મણે તો રાણીની નજીક જઈ, તેના કપાળ ઉપર હળવેથી હાથ ફેરવ્યો..જાણે ચમત્કાર થયો! રાણીએ આંખો ખોલી અને એકદમ બેઠી થઈ ગઈ. તેનું ઝેર દૂર થઈ ગયું હતું! રાજ્યમાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો!

રાજા પણ પ્રસન્ન થઈ ગયો હતો. તેણે બ્રાહ્મણનો આભાર માન્યો. ગરીબ બ્રાહ્મણ હિંમત કરી બોલ્યો : 'નામદાર! મેં જે ગુનો કર્યો જ નહોતો, તેવા કારણસર મને કેદ કરવામાં આવ્યો!' રાજાએ પૂછ્યું : 'એટલે તું શું કહેવા માગે છે?' ...બ્રાહ્મણે રાજાને આખીયે વાત કહી બતાવી. પોતે ઘર છોડ્યું ત્યારથી લઈને કેદખાનામાં નાખવામાં આવ્યો ત્યાં સુધીની. રાજા સોનીના કપટભર્યા વર્તાવથી ગુસ્સે ભરાયો અને એની ધરપકડનો હુકમ કર્યો. બ્રાહ્મણને વગર વાંકે જેલમાં નાખવાના હુકમ બદલ રાજાએ દિલગીરી વ્યક્ત કરી. તે ઉપરાંત, રાણીનો જીવ બચાવનાર બ્રાહ્મણને હજાર સોનામહોરો તથા એક મકાન બક્ષિસમાં આપ્યું. બ્રાહ્મણને તેની સ્ત્રી તથા બાળકો પાસે પહોંચાડવામાં આવ્યો. હવે બ્રાહ્મણ સહકુટુંબ સુખમય જીવન પસાર કરવા લાગ્યો.

['Stories from પંચતંત્ર' : by Shivkumar.
Pub : Children Book Trust, New Delhi]

**।। વિદ્યાવૃત્ત ।।**

**બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલયના એન.એન.એસ. યુનિટ દ્વારા ''૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસ''ની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા પ્રિ.ડૉ.કેતકી શેઠના માર્ગદર્શન હેઠળ ૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમ અન્વયે એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.પરેશ મોરધરા દ્વારા 'મતદારોએ લેવાની પ્રતિજ્ઞા'નું પઠન કરી સર્વે કોલેજ પરિવારના સભ્યોને મુક્ત અને ન્યાયી મતદાન માટે શપથ લેવડાવ્યા હતા.

॥ લઘુકથા-૧ ॥

## નજર સામે

**ગિરિમા ઘારેખાન**

સવારથી અનાથાશ્રમમાં ગયેલી તનુજા બપોર પછી ઘેર પાછી ફરી. આજે ત્યાં ત્રણ નવાં બાળકો આવ્યાં હતાં એમની વ્યવસ્થા કરવાની હતી. પછી એક છોકરી બીમાર હતી એને હોસ્પિટલ લઇ જવી પડી. એ બધા કામમાં ખાસું મોડું થઇ ગયું. એ ઘેર પહોંચી ત્યારે આયુષ સ્કૂલથી આવીને સૂઈ ગયો હતો. તનુજાને ખબર હતી કે રોજ સાવિત્રી એને જમાડ્યા પછી જ એના ઘેર જતી હતી એટલે આયુષે જમી તો લીધું જ હશે. તનુજા જમીને હજુ બેડરૂમમાં આડી પડવાનો વિચાર કરતી હતી ત્યાં જ આયુષ આવ્યો, 'મમ્મી, મને ભૂખ લાગી છે. આજે હું સ્કૂલથી આવ્યો અને તરત જ આંટી જતા રહ્યાં. સાંજે પણ નથી આવવાના.'

તનુજા કંટાળીને ઊભી થઇ, આયુષને થાળી પીરસી આપી અને સૂવા જતી રહી.

લગભગ ચાર વાગે આયુષે એને ઊઠાડી, 'મમ્મી, તારો થાક ઊતરી ગયો હોય તો મને મેથ્સમાં હેલ્પ કરીશ? આજે મારે બહુ હોમવર્ક કરવાનું છે.'

તનુજાએ મોં ધોઈને આયુષની ચોપડી હાથમાં લીધી જ હતી ને એને અચાનક એની મિટિંગ યાદ આવી. ચોપડી બંધ કરતાં એ બોલી, 'બેટા અત્યારે તો મારે 'વનિતા વિશ્રામ'ની મિટિંગમાં જવાનું છે. તું તને આવડે એટલું હોમવર્ક કર. બીજું હું તને આવીને કરાવું છું.'

તનુજાને પાછા ફરતાં સાત વાગી ગયા હતા. એણે આવીને રસોઈ બનાવી. બધા જમ્યાં. તનુજા રસોડામાંથી પરવારીને આયુષના રૂમમાં ગઈ ત્યારે એ ગણિતની ચોપડી હાથમાં લઈને સૂઈ ગયો હતો.

બીજે દિવસે સવારે તનુજા મોગરા ચૂંટવા એના ઘરના બગીચામાં ગઈ અને રોજની જેમ મોગરાના ફૂલેલા-ફાલેલા છોડની ડાળો ઊંચી કરીકરીને નીચે ખીલેલાં મોગરા ચૂંટી લીધા. અચાનક એની નજર છોડના ઉપરના ભાગમાં ગઈ. ત્યાં ઘણા કરમાઈ ગયેલા મોગરા હતાં. 'અરે, આ તો હું જોતી જ ન હતી! સામે છે એ કરમાઈ ગયાં ત્યાં સુધી એમના તરફ નજર જ ન ગઈ અને અંદરથી શોધતી રહી! '

કરમાયેલાં મોગરામાં તનુજાને હોમવર્ક ન હતું થયું એટલે રડતાં રડતાં સ્કૂલ ગયેલા આયુષના આંસુ દેખાતા રહ્યાં.

૧૦, ઇશાન બંગલોઝ, સુરધારા-સતાધાર રોડ, થલતેજ,
અમદાવાદ-૩૮૦૦૫૪, ફોન-૯૯૮૦૨ ૦૫૯૦૯

॥ લઘુકથા-૨ ॥

## હાસ્યનાં મોતી

**ગિરા પિનાકીન ભટ્ટ**

'આ મોતીની જીભે હાસ્ય ફૂટે છે કે શું? કશું સમજાતું નથી. આદમી તો ભાળ્યા પણ બાઈ માણસ આમ હસાવે, એ તો ભારે કૌતુક!'

'એમના વિના ફળિયું તો ઠીક, સૂનું લાગે આખુંય ગામ!'

ગામ આખામાં એમની બોલબાલા. એ હસતાં જાય ને હસાવતાં જાય. ગામ આખુંય એમને શોધતું આવે, ત્યારે એ બોલી ઊઠે, 'એ... હું તો મોતી પણ...સાવ ખોટું હોં.' એમ હાસ્યની છોળો ઉડાડીને કામમાં પરોવાઈ જાય.

ગજાનંદદાદાને આંખે મોતિયો ઉતરાવવાનો હોઈ શહેરમાં રહેતા દીકરા પ્રશાંતને ત્યાં ગયાં. દીકરી સોનલ પણ સાસરેથી આવી હતી. દવાખાનાની દોડધામ અર્થે. ઑપરશન પૂર્ણ થયું ને દીકરો નોકરીએ નીકળ્યો. બે દિવસમાં તો આખી હોસ્પિટલ મોતીબાના નામની માળા જપવા લાગ્યું.

રાત્રે નવે'ક વાગ્યે દીકરો ને દીકરાવહુ આવ્યાં. દીકરાવહુ આગળ ટેબલ લંબાવ્યું. પછી દીકરાને સંબોધીને બોલ્યાં 'લે બેટા, આ ખુરશી ઉપર બેસ આરામથી. આખો દાડો દોડધામથી થાક્યો હોઈશ... જરા પગ લંબાવ.' મોતીમાએ મધઝરતા વેણે કહ્યું ત્યાં તો... 'તું તારે બેસને શાંતિથી, હતપત કરવાની ટેવ કોણ જાણે જતી જ નથી.'

આટલું સાંભળતાં મોતીમાએ જરા આડું જોયું ને બન્ને આંખોમાંથી હાસ્યની માળાના સાચા મોતી ટપાક ટપાક દડી રહ્યાં.

૪૫, ઊર્જાનગર વિભાગ-૧, સિટીપલ્સ થિયેટરના ખાંચામાં,
ગાંધીનગર - ૩૮૨ ૪૨૬. મો.૯૯૦૯૬ ૪૧૨૬૨

 ISSN 0976 – 9609

## રમેશ પારેખનાં તળપદાં અને પ્રકૃતિ પરિવેશનું નિરૂપણ કરતાં ગીતો

પ્રવિણભાઈ ભીખાભાઈ વજીર

રમેશ પારેખ ગુજરાતી સૌંદર્યરાગી કવિતાનું ગિરિશૃંગ છે. 'છ અક્ષરનું નામ' અર્થાત રમેશ પારેખ. એ ગુજરાતી કાવ્ય સાહિત્યની વિલક્ષણ ઘટના છે. ગુજરાતી કવિઓમાં નાનાલાલ પછી રમેશ પારેખ જેટલા ગવાયા, વંચાયા અને પોંખાયા છે એટલું બીજા કોઈ કવિને સદ્ભાગ્ય સાંપડ્યું નથી. રમેશ પારેખ તેમની સરળતા, સહજતા અને માનવતાને કારણે વ્યાપક ભાવે લોકોના હૃદયસિંહાસને સતત બિરાજતા રહ્યા છે. બાળપણથી જ રમેશ પારેખમાં કલા રસિકતા જાગી ઊઠેલી ચિત્રકલાના શોખ રૂપે. ચિત્રાભિમુખ થયા અને અદ્ભુત સર્જનથી સાહિત્ય જગતમાં નામના મેળવી. રમેશ પારેખ વિશે કહેવાયું છે કે-

રમેશ પારેખ એટલે

દોમદોમ કવિતાની સાહ્યબીથી રોમરોમ છલકાતો માણસ.

રમેશ પારેખ એટલે

નખશીખ ગીતોના મોતીઓથી ફાટફાટ થતો સમંદર.

રમેશ પારેખ એટલે

ગુજરાતી ભાષાનું અણબોટ્યું સૌંદર્ય.

રમેશ પારેખ એટલે

લોહીમાં વહેતી કવિતા.

રમેશ પારેખ એટલે

'છ અક્ષરનું નામ'!

રમેશ પારેખ સૌપ્રથમ 'ક્યાં' (૧૯૭૦) નામનો કાવ્ય સંગ્રહ લઈને પોતાની મજબૂત ઓળખ આપે છે. 'ક્યાં'ની ગીત કવિતા વિશે અવલોકન કરતાં 'ઉશનસ' કહે છે- 'ક્યાં' માં આપણી ગીત પ્રવૃત્તિની સૂક્ષ્મધાર નીકળી છે એમાં એક જાતની અપૂર્વતા છે અને એ જ તો પ્રતિભાનું લક્ષણ છે. રમેશમાં નવી જ, અપૂર્વ ગુજરાતી ભાષા જાણે કામે લગાડવામાં આવી છે.

રમેશ પારેખ પાસેથી 'ખડિંગ' અને 'ત્વ' (૧૯૮૧) માં મળે છે. 'સનનન', 'વિતાન સુદ બીજ' (૧૯૮૯) અને 'અહીંથી અંત તરફ' (૧૯૯૧) માં મળે છે. આ સર્વ ઉપરાંત 'ખમ્મા આલા બાપુને' (૧૯૮૫), 'મીરાં સામે પાર' (૧૯૫૬), 'લે, તિમિરા! સૂર્ય...' (૧૯૯૫), 'છાતીમાં બારસાખ'- (૧૯૯૮) તેમજ 'સ્વાગતપર્વ' (૨૦૦૨) જેવા કાવ્યગ્રંથો મળે છે.

ઉત્કટ સંવેદનશીલતા અને માનવ્યનો મબલખ મહિમા એ રમેશ પારેખની કવિતાની ગુણ સંપત્તિ છે. રમેશ પારેખ ગુજરાતી ભાષાના એક પ્રયોગશીલ અને સૌંદર્યનિષ્ઠ કવિ છે. આ કવિતાઓમાં પરંપરાથી જ પ્રાણનો સંચાર થાય છે. તેમની કવિતામાં વૈપુલ્ય છે, વૈવિધ્ય છે, મૌલિકતા છે અને સાથો સાથ સર્જકતા પણ ભારોભાર ભરેલી છે.

કવિ-લેખક સુરેશ દલાલે કરેલું વિધાન- ''રમેશ પારેખ સર્જકતાથી ફાટફાટ થતો કવિ છે'' એ પ્રતિક્રિયા રમેશ પારેખમાં થયેલી જોઈ શકાય છે.

### તળપદા પરિવેશ અને પ્રકૃતિનું નિરૂપણ કરતાં ગીતો-

હવે હું મારા આ સંશોધન લેખમાં રમેશ પારેખના કાવ્યો-ગીતોમાં પ્રકૃતિ તત્ત્વ કેવી રીતે વેરાયું અને નીરુપાયું છે તેની વિગતે ચર્ચા કરીશ.

રમેશ પારેખ એ રાવજી પટેલ, મણિલાલ અને નાનાલાલ પછી ગુજરાતી પ્રજામાં સૌથી વધુ પ્રસરેલા અને પોંખાયેલા કવિ છે. તેમની કવિતાઓમાં પણ વિષાદમય ભાવચિત્રો, ઘૂંટાયેલ કરુણ સૂર અને તળપદના સહારે રજૂ થતું અભિવ્યક્તિનું નાવીન્ય. રાવજી પટેલે પ્રયોજેલા ઉપમા-અલંકારો, કલ્પનો અને વાતચીતના વિશિષ્ટ લય-વિવર્તો કવિસંયોજન પામીને રમેશ પારેખમાં આવે છે. એ ઉપરાંત વિપુલતા, વિવિધતા અને વિશિષ્ટ લય વિવર્તોની દૃષ્ટિએ કવિ રમેશ પારેખનું ગીત સર્જન રાવજી પટેલ કરતાં જુદું પડી જાય છે.

કવિના મૌલિક કલ્પનો કાવ્યસમગ્રને નવું પરિમાણ આપે છે. લોકજીવનમાંથી પસંદ કરેલા પ્રતીકોના અપૂર્વ વિનિયોગથી આખાય પરિવેશને નવા પરિપ્રેક્ષ્યમાં મૂકી આપે

છે. તળપદાં લોકજીવન અને પ્રકૃતિ-પરિવેશનું નિરૂપણ વાસ્તવિકતાપૂર્વક થયું છે. પ્રણયના વિષયમાં પ્રકૃતિ કે ગ્રામ પરિવેશ જ્યારે ઉદ્દીપક કે આલંબન વિભાવ રૂપે આવે છે ત્યારે શૃંગારની નિષ્પત્તિ વધુ અસરકારક બને છે.

ગામડાંના તળપદા પરિવેશમાં પ્રકૃતિથી લથબથ સવાર ઊગે છે, એવી પ્રકૃતિની પશ્ચાદભૂમાં પ્રણયનો રાગ બરાબર ઊઘડે છે. કવિ અમૂર્ત મનોભાવોને પ્રકૃતિ દ્વારા પ્રતીકાત્મક અભિવ્યક્તિ આપે છે. પ્રકૃતિનાં સત્ત્વો સાથે કવિએ સંવાદિતા સાધી છે.

રમેશ પારેખની કવિતામાં જનપદી પરિવેશ અને પ્રકૃતિના વિવિધ અંગો ઊપસતા રહે છે. જેમ કે, દરિયો, ઝાડ, પાંદડું, મોગરાની કળી, બગીચો, વરસાદ, જાંબુડી નદી, પંખીઓ, પાદરના વૃક્ષો, તડકો, સૂર્ય-ચંદ્ર, ભેંસ-ગાય, ઘોડી, ઘર-ઓરડો, ઢોલિયો, ફળિયું, હુક્કો, ભીંત, સીમ-ખેતર, કૂવો, તળાવ, વગડો જેવાં તત્ત્વો અહીં જુદું જ વાતાવરણ રચે છે.

'શગ રે સંકોરું' જેવાં પરંપરિત ઢાળના ગીતમાં કવિએ મૃત્યુને વિષય બનાવ્યો છે. મૃત્યુ નિમિત્તે રચાયેલા આ કાવ્યમાં જનપદી વાતાવરણ છે ભાવનું નિર્વહણ થવા પામ્યું છે. ગીતમાં શગ, સગપણને કાંઠે હોડી, કેડીઓ કંડારું મારા ગામની, ખેસ, આંધળી દ્રશ્યું, ઝરડે, ઠેસ જેવાં ક્રિયા-ઘટકોએ કરુણાને ઘેરો બનાવતો જનપદી પરિવેશ રચ્યો છે. અહીં મૃત્યુ સમયે-જીવનની શગને સંકોરવાની કવિની મનોગત-અનુભૂતિગત ક્રિયાઓ અને ઘટનાઓનું આલેખન વૈરાગ્યમય વાતાવરણમાં થવા પામ્યું છે.

**''ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યા કે,**
**નાગલા ઓછા પડ્યા''**

ગીતમાં કવિએ પરોક્ષ રીતે પરિવેશ તો તળભૂમિનો જ પસંદ કર્યો છે. કમખે, આભલાં, ત્રાજવે ત્રોફાવેલ મોર, નેવાં, મોભારે કાગડાનું બોલવું, લાપસી ચૂલે ચડે, ઉંબર-ઓરડો, પથ્થરનું પાણિયારું-જેવી ગ્રામભૂમિ-તળભૂમિની સામગ્રી ગીતના અંતરંગ ભાવને વ્યંજિત કરવામાં ઉપકારક થાય છે. પ્રકૃતિનાં તત્ત્વો પણ કાવ્યનાયિકાના મનોગત ભાવોને પ્રગટાવવામાં ઉપકારક નીવડ્યા છે.

**''માંડવે મ્હેક મહેક જૂઈની વેલ કે જૂઈના રેલા દડે રે લોલ..,**
**લોલ, ઊભી આંગણે નાગરવેલ કે પાંદડા તૂટ્યા કરે રે લોલ**
**ઓરડે વાની મારી કોયલ આવે ને કાંઈ ઊડ્યા કરે રે લોલ.''**

(છ અક્ષરનું નામ પૃ-૫૨)

કાવ્યનાયિકાની ભાવનાઓને તાર સ્વરે રજૂ કરતું ગીત 'દરિયાઉ શમણે આવ્યા..છે' ગીતનો પરિવેશ તળભૂમિ છે. જનપદી ઘટકો જુદું તળપદુ વાતાવરણ રચે છે. દરિયાઉ, મોભ, નળિયાં, પગથાર, પાંદડાં, ગઢ ને ગોખ, ઝરમર દીવો, કંચવે આભલાં, ભીંતમાં ભાત્યું, ચોપાટ, સોગઠાં, ઝાંખોપાંખો અજવાસ, ચાકવો, દૈયણા વગેરેનું અવલંબન લઈને કવિએ પ્રગટાવેલ જનપદી વાતાવરણ આસ્વાદ્ય છે.

નાયિકાનો વિયોગ, એમાંથી જન્મતી ઘેરી વ્યથા, એમની મનોદશા, એકલતા, વ્યાકુળતા અને એ સંદર્ભે થયેલું આંતરિક ભાવોનું હૃદયસ્પર્શી આલેખન જીવનના વિધવિધ સંદર્ભો ખોલી આપે છે. નાયિકા પિયુની પ્રતીક્ષા કરીને થાકી ગઈ છે. તેની વ્યાકુળતા એટલી હદે વધી ગઇ છે કે સ્વપ્નમાં આવેલ દરિયો પણ તેને ભીંજવી શક્યો નથી. અંતરની વ્યથા ડૂમો બનીને ભીતર થીજી ગઈ છે, અને આંસુ પણ.

**'બાઈ, મારે મોભે કળાયેલ રાત કે નળિયાં ગ્હેક્યા કરે રે લોલ'** માં કળાયેલ મોરનું ઉપમાન સૂચિત રહ્યું છે. 'નળિયાં ગ્હેક્યા કરે છે' માં પણ મોરની હાજરી વરતાય છે.

ભગીરથ બ્રહ્મભટ્ટ સંકેત કરે છે- ''કળાયેલ મોર મોતી પર ગહેકી ઊઠે છે.' આંગણાની પગથાર ગ્હેકી' રહી છે. બીજી બાજુ વેલના પાંદડાય લ્હેકી ઊઠ્યા છે'' આમ પરિસ્થિતિમાં બહાર સર્વત્ર ઉલ્લાસ છે.

**''ખડભડ ગઢને ગબ્બર ગોખ કે ઝમરખ દીવો બળે રે લોલ,**
**લોલ, મારે કંચવે આભલાંની હાર કે ભીંતમાં ભાત્યું પડે રે લોલ''**

પહેલી પંક્તિ 'ખડભડ ગઢ' તેનો 'ગબ્બર ગોખ', 'ઝમરખ દીવો' એ સર્વે એક રોમાંચક પરિવેશ રચી દે છે. 'ખડભડ' આદિ પદોના કઠોર વર્ણોનું સંયોજન પથ્થરિયા ગઢની સ્થૂળ ખરબચડી દીવાલો ને તેની નિર્જનતા, ભેંકાર


ISSN 0976 – 9609

અને અવાવરું સ્થિતિનો સંકેત કરે છે. કંઠની ભીંતો પર ઝમરખ દીવાનો સૌમ્ય ઉજાસ એ નાયિકાની મનઃસ્થિતિનું મનોહર ચિત્ર પ્રગટ કરે છે. 'કંચળા' પર 'આભલાંની હાર' ગૂંથાઈ છે. જે ગીતને અનુકૂળ છે. જેમાં લોકસૃષ્ટિનાં તત્ત્વો સંતર્પક છે. (૧)

**'કલબલતાં નેવાંને અજવાળે જોયું**
**તો પાણી કરતાં ય ભીંત પાતળી,**
**મેં મને વાતો કીધાની મશે સાંભળી'**

(છ અક્ષરનું નામ પૃ-૫૫)

કોઇ જ્યારે પોતાની જાત સાથે વાત કરે છે ત્યારે એક જ માનવીના ભિન્ન ભિન્ન મ્હોરાં વચ્ચેની દીવાલ બહુ પાતળી બની જાય છે. પ્રકૃતિ પણ કાવ્યનાયિકાથી કેટલી બધી પ્રસન્ન છે. પ્હાડને મળવા એ પગલું ભરે ત્યાં જ પ્હાડને ઝરણાંની જેમ ઢાળ ફૂટી નીકળે અને સુક્કાં વૃક્ષને સ્પર્શે તો એને ડાળે ડાળે ફૂલ ઊઘડે જાસૂદના! કાવ્યનાયિકાના અમૂર્ત મનોભાવોને પ્રકૃતિ દ્વારા પ્રતીકાત્મક અભિવ્યક્તિ મળી છે. 'હવે આંખોનું નામ નહિ આંખો'માં સવારના ઊઘડતા રૂપને અનોખી રીતે કવિ માણે છે. સવારનું સૌંદર્ય કવિની અનેક કવિતાઓમાં અવનવાં રૂપો લઈને પ્રગટે છે. પ્રકૃતિ કવિને વિસ્મય-મુગ્ધ કરે છે. ખીલતી, ક્રિયાશીલ બનેલી પ્રકૃતિ સાથે કવિ સંવાદિતા સાધે છે. સૌંદય દર્શનથી આનંદવિભોર કવિમન પ્રકૃતિ સાથે તાદાત્મ્ય અનુભવે છે.

**''આંખો તો મોગરાની ડાળીનું નામ**
**એને શમણું જોયાનું ફૂલ ઝૂલે**
**રુંવેરુંવેમાં પડે મ્હેકતી સવાર**
**જ્યાં પાંપણની પાંદડીઓ ખૂલે''**

(છ અક્ષરનું નામ પૃ-૫૬)

'હેલ્લારો' ગીતમાં સૌંદર્યકેફ અને લયકેફમાં મદમસ્ત ગીતનું મનમોહક રૂપ ખીલ્યું છે. પરોઢ થતાંની વેળામાં પ્રકૃતિનું કોઈ દશ્ય જોતાં જ કવિહૃદય આનંદ-ઉત્સાહ અનુભવે છે. કળીઓ શમણું શમણું રમતી હોય ત્યારે પાનનું ખરવું પણ નમણું લાગે. ઘાસ ઝાકળનાં બુંદો ઝીલીને મેદાન વચ્ચે જાણે ફરી રહ્યું છે.

તો ઘૂઘરિયાળ મોસૂઝણું 'સવાર'માં કાવ્યને સૌંદર્ય લુબ્ધ બનાવે છે. કાળા કાળા વાદળ સવારમાં ઝૂક્યા છે. સથવારામાં માનેલા મોરનો ટહુકાર છે, પછી તો સવારનો રેલો સ્પર્શી જાય છે, ત્યારે-

**કાજળ ને કંકુ કરે સામે સામા વાદ,**
**એક કહેઃ શમણું હતું, એક કહેઃવરસાદ.**

(છ અક્ષરનું નામ પૃ-૩૬૮)

સવારમાં ખેતરને જોતાં જ કવિને ઈશ્વરના સામ્રાજ્યમાં લટાર મારતા હોય તેવી દિવ્ય અનુભૂતિ થાય છે. સીમમાં કૂંપળ ફૂટે છે અને તેની લીલાશ ઘરમાં દદડી આવે છે. નીલમવરણો સૂરજ ઊગે છે અને પથ્થરો પણ પીગળવા માંડે છે. આવા વાતાવરણમાં કવિને પ્રકૃતિમાં ભળવાનું, ખોવાવાનું અને ડૂબવાનું ગમે છે. ઊઘડતી સવારનું અઢળક સૌંદર્ય ઢોળાતું જાય છે. ઝાકળભીના વગડાએ અંગે અંગ રતન ધારણ કર્યા છે. ઝાડ પોતાના જ પાંદડામાં ઝૂલવામાં લયલીન છે અને મધુર પવન પોતાનો સૂર રેલાવી રહ્યો છે.

**''ફૂલના લીસ્સા છાંયડા નીચે ફરકે લીલું ઘાસ,**
**સાળ પાસેથી ખડકી જતી સીમ પરીના શ્વાસ.''**

(છ અક્ષરનું નામ પૃ-૬૦૧)

'સવારનું સોનું' ગીતમાં પણ નિતાંત સૌંદર્યમંડિત ગીત છે. અંધારું વિખેરી સૂરજ ડોકિયું કરે છે. શિયાળાની સવારનો કૂણો કૂણો તડકો જાણે કે સાચુકલું સોનું બની જાય છે. આવી મખમલી સવારનું ચિત્ર જૂઓ.

**''સવારનું સાચેરું સોનું ઝળહળ ઝળહળ ડોલે રે,**
**શિયાળો ખેતરમાં કાચા ઘઉંની ભાષા બોલે રે,**
**છાંયે બેઠાં ઝાડ પોરહાતાં પોતે પહેરેલાં ઝગમગતાં**
**પહેરણમાં,**
**ઢેફાંમાંથી ડોક કાઢતું નાગુંપૂંગું તરણું ઝીણી**
**ગભરામણમાં!''**

(છ અક્ષરનું નામ પૃ-૬૦૮)

કનૈયાલાલ ભટ્ટ તેમનાં ગીતો વિશે યોગ્ય જ કહે છે- ''કવિ રમેશ પારેખ એક ઉત્તમ ગીતકવિ છે. એમાંય 'પ્રેમ' જેવી કોમળ, મહાન ભાવના હોય અને પ્રકૃતિનો વિસ્તાર હોય ત્યાં બંનેનું સાંનિધ્ય કવિએ પોતાના ગીતોમાં મધુરતાથી

યોજ્યું છે. 'સીમાડો સાવ લીલો નાઘેર'ની નાયિકા એના વાલમને આહ્‌વાન આપે છે કે બપૈયા, મોર, સુડા, કાબર, લેલાં, મેના, તેતર આ બધાં પક્ષીઓની ગ્હેકને ચોમાસાનું લીલુંકાચ ઝેર ચડ્યું છે, તેઓએ હવે જોરશોરથી ગ્હેકવાનું શરૂ કરી દીધું છે. તેથી આપણો સીમાડો હવે લીલો નાઘેર બની ગયો છે, ચોતરફ હરિયાળી હરિયાળી છે. લીલોતરીના આ લીલાછમ્મ દેશમાં આપણે મનફાવે તેમ ખુલ્લા ખેતરમાં, મેદાનમાં મોકળાશથી મ્હાલશું અને જો વરસાદની હેલી આવશે તો આપણે એકબીજાને બાથ ભરીને પલાળશું.

**'એયને વાલમ ઠેસ ચડે નાં લીલવછોયું પાન**
**આઘેરાં નદીયું નાળા ઠેકતા જાશું,**
**ખાઈ ફંગોળી ડુંગરે, ડુંગર ખાઈમાં, ખેતર ગામ કે પાદર**
**જમણે ડાબે ફેંકતાં જાશું.'**

નાયિકાની પ્રણયમસ્ત રંગીન ભાવાભિવ્યક્તિનું પ્રાગટ્ય પ્રકૃતિના સંદર્ભે થયેલું હોવાથી લીલુંછમ્મ કાવ્યત્વ ધારણ કરીને ગીત અવતરે છે. નાયિકાના ચંચળ ભાવોની ઊછળકૂદ અને એની રંગદર્શીયતા કવિએ પ્રકૃતિના સુંદર ચિત્રોમાં ઉપસાવી હોવાથી રમણીય અને મનહર લાગે છે''. (૨)

જ્યારે સૌરાષ્ટ્રની ધીંગી ધારા ધખધખતી હોય ત્યારે તેની બળતરાને લોકકવિએ પોતાના હૈયામાં અનુભવીને કાવ્યમાં ઉતારી છે. તો પ્રણયને શૃંગારના કાવ્યોમાં તે ફુલાઈ ફુલાઈને એવા તો ટહુકા કરે છે, જાણે ભોમકા પર કોઈ કળા કરીને મોર ગ્હેકતો ન હોય !

'લાજ નથી આવતી?'માં કવિ રમેશ પારેખ પરોક્ષ રીતે જનપદી પરિવેશ રચે છે. નીતિન વડગામા આ ગીત વિશે નોંધ કરતાં લખે છે કે- 'લાજ નથી આવતી?' કંઈક જુદી જ ભાત પાડે છે, અહીં કાવ્યનાયક ભરવાડ છે અને ભરવાડણ એને મુગ્ધભાવે- ટગર ટગર જોયા કરે છે. નાયિકાના પ્રેમભાવનો નાયકનો પ્રતિભાવ કવિ વિલક્ષણ રીતે આલેખે છે-

**''ભૂરાયાં સાંઢને હું બાથમાં ભરું તો**
**તે પલળેલો ગાભો થઇ જતો,**
**એવો હું રાંક તને-**
**તાજા કકરાવેલા દાતરડા જેવી જોઈ થતો!**
**મને એમ થાયઃ**
**મારો જીવ તારા ડચકારે હેડતું લવારું છે...''**

અહીં ભાવ કરતાંય વિશેષ તો ભાષા અને તેનાં થકી પ્રત્યક્ષ થતો સારોયે પરિવેશ કેવી રમેશીય મુદ્રા પ્રગટાવે છે!'' (૩)

ભગીરથ બ્રહ્મભટ્ટ નોંધે છે તેમ- ''અર્વાચીન સમયમાં નર્મદ'' આદિ કવિઓથી ખેડાતું થયેલું ગીતસ્વરૂપ આજ સુધીમાં મોટા કાયાકલ્પ પામ્યું છે. લોકસાહિત્યમાંથી સ્વીકારાયેલું આ સ્વરૂપ ભાવ, ભાષા, લય, રચનાબંધની દૃષ્ટિએ કેવા કેવા ફેરફારો પામ્યું એનો ઘણો ખરો હિસાબ રમેશનાં ગીતોમાંથી મળી રહે છે.'' (૪)

ઉપર્યુક્ત ગીતોની ચર્ચાને અંતે એમાંથી એ તારણ કાઢી શકીએ કે 'કવિ બાળપણની યાદ તાજી કરીને ફરી જીવવાની પ્રબળ ભાવના પ્રગટાવે છે. ગીતમાં સંવેદનો બાળપણ સાથે સંકળાયેલા હોઈ તેની યાદ તાજી કરાવી જાય છે. ગ્રામ-પ્રકૃતિ પ્રત્યેની કવિની મુગ્ધતા અને એમાંથી પ્રગટતી વિદગ્ધતા હૈયાના ખૂણાને ભીનો કરી જાય છે. ગીતોનું ચોક્કસ સ્વરૂપ તો પ્રકૃતિમાં જ વ્યક્ત થાય છે, ગ્રામીણ પ્રકૃતિના પરિવેશથી રમેશ પારેખ પરિચિત છે તેથી તેમાં માદકતા જોઈ શકાય છે.

આમ, રમેશ પારેખનાં ગીતોમાં જનપદી પરિવેશ આગવા અનુભાવ રૂપે પ્રગટે છે, કાવ્યને શણગારે પણ છે. કેટલાક કાવ્યો કેવળ પરિવેશના આધારે જ ઊભા છે. એ રીતે કવિની કાવ્યસૃષ્ટિમાં પરિવેશ એક સ્વતંત્ર ઘટક બની રહે છે.

**સંદર્ભ :**

- 'છ અક્ષરનું નામ'- (સમગ્ર કવિતા) રમેશ પારેખ પ્રવીણ પ્રકાશન, રાજકોટ પ્રકાશન વર્ષ-૨૭/૧૧/૧૯૯૧

૧. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતપ્રવાહ'-ભગીરથ બ્રહ્મભટ્ટ પ્ર. આ.૨૦૦૪ પૃ-૧૩૩

૨. 'છ ગીતકવિ એક અભ્યાસ'- ડૉ.કનૈયાલાલ ભટ્ટ પ્ર.આ. ૨૦૦૧ પૃ-૯૯

૩. 'કાળ સાચવે પગલાં'- સંપા. નીતિન વડગામા સંપાદકીય લેખમાંથી

૪. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતપ્રવાહ'-ભગીરથ બ્રહ્મભટ્ટ પ્ર. આ.૨૦૦૪ પૃ-૧૨૦

સરનામુંઃ રામનગર સોસાયટી, રેફરલ હોસ્પિટલની પાછળ, મુ.પો-લાખણી, તા-લાખણી, જિ-બનાસકાંઠા પિન-૩૮૫૫૪૧
મો- ૯૪૨૭૫ ૧૨૧૯૧
Email : pravinvajir@gmail.com


ISSN 0976 – 9609

# Birla Vishvakarma Mahavidyalaya Engineering College (An autonomous institution)

**Dr. Indrajit N. Patel**

## Introduction :

Birla Vishvakarma Mahavidyalaya (BVM), functions under the aegis of Charutar VidyaMandal (CVM), is the first engineering college of the state of Gujarat, established in 1948, with the inspiration and motivation of **Iron Man of India Shri SardarVallabhbhai Patel** and a generous contribution from Shri Ghansyamdasji Birla which was inaugurated by His Excellency Lord Mountbatten. The torchbearers were Shri Bhaikaka and Shri Bhikhabhai Saheb, who burnt the midnight oil to plan and execute the project of establishing an Engineering college in a rural area called VallabhVidyanagar. Since its inception, BVM has been nurtured and mentored by Shri SardarVallabhbhai Patel, Shri Morarji Desai, Shri G V Mavlankar, Dr. H M Patel, Dr. C. L. Patel, and currently by Er. Bhikhubhai Patel. BVM with strong Historical value, sustained legacy and add on success stories with the motto of **'Work is Worship'**.

## Vision :

**"Produce globally employable innovative engineers with core values"**

## Mission :

• Re-engineer curricula to meet global employment requirements.

• Promote innovative practices at all levels.

• Imbibe core values.

• Reform policies, systems and processes at all levels.

• Develop faculty and staff members to meet the challenges

## Core Values :

• Quality and Creativity

• Team Work

• Lifelong Learning

• Pro-activeness

• Cost consciousness

• Sharing Transparency

## Legacy :

BVM is approved by AICTE and is affiliated to Gujarat Technological University, Ahmedabad. The college offers 8 UG and 8 PG programs. BVM has produced more than 20,000 graduates, spread across the globe and serving in different fields of Education, Technology, Social Engineering as well as Politics. Few doyens, trained at BVM and reached great heights professionally includes Dr. A M Naik (Group Executive Chairman, L & T), Shri Tulsibhai Tanti (Chairman & MD, Suzlon),Prof. S. K. Khanna (Former Chairman, AICTE), Shri Prayasvin Patel (Chairman & MD, Elecon Group), Shri Anil Patel (Founder, Apollo Group), Er. Manoj Gupta (CEO, Zomato), Shri Narottambhai Patel (Former Minister, GoG), Shri Bharatsinh Solanki (Former Railway Minister, Government of India), and Many More. All stakeholders of BVM workd diligently and relentlessly to uphold its legacy in letter and spirit.

## Academic Excellence :

The Institute has been provided with the financial assistance of Rupees 10 crores under the prestigious World Bank Assisted Project Technical Education Quality Improvement Programme-II (TEQIP-II). Excellent performance by BVM in TEQIP-II could take it to TEQIP-III, sub-component 1.3 with an additional funding of 7 crore Rupees. Under this project, BVM has a mentee institute namely GEC Banswara, Rajasthan.

Moreover, a unique achievement of BVM that makes it a front runner in technical education, in Gujarat State, is the award of academic autonomy by the UGC from the academic year 2015-16.Outcome-Based Education (OBE) is the core of modern education system, and BVM practices the same. Utmost importance is given to curriculum design & development, pedagogy and evaluation system. The high academic standards maintained by the Institute is endorsed by NBA accreditation of 4 UG programs (tier-II), autonomous status by UGC, high admission ranks, and NIRF ranking.Institute is awarded for Bharatiya Vidya Bhavan National Award-2019 for an engineering college having an overall best performance by Indian society of Technical Education, New Delhi and Best Student Support Activities by Gujarat Technological University, Gujarat.

Institute has made its mark nationally and internationally by developing learners with passion, creativity, innovation, commitment and entrepreneur qualities, capable of working in a global environment. To support nation-building through state-of-the-art teaching, learning and mentoring, Institute has established five Centers of Excellence in the emerging field of Engineering and Technology. Institute has also signed MoUs with twelve Foreign Universities to provide ample opportunities of enrichment and exposure through interactions with international experts and leaders of these universities.

## Enriched Infrastructure :

BVM Engineering College has a lush green campus with infrastructural facilities, state of the art laboratories, computer centres, communication facilities, seminar and conference halls,air-conditioned auditorium, 24x7 wi-fi, etc. Institute library has over 45000 titles, printed and online reputed journals, collection of electronic courseware, digital library with supporting reprographic facilities for the students and faculties. Institute also facilitates testing and consultancy, design and development projects, R & D activities, environment & energy audit,continuing education programs,etc.

Institute is enriched with ultramodern infrastructure like, air-conditioned auditorium, state of the art laboratories, High computing facilities, ICT enabled classrooms, Digitalised and resourceful library, seminar halls, Wi-Fi enabled campus, LRUC (Learning Resource Utilization Centre), e-learning resources, CCTV surveillance based security system, contact less bio-metric system, roof-top solar system, power backup, transport facility, Yoga and meditation room and student activity centre (SAC).

## Institutional Values and Best Practices :

The institution strives to uphold human values and adopts good practices to maintain the integrity of its stakeholders.

**Academics:**

Institute follows outcome based education (OBE). Industry Institute Interaction cell facilitates live interaction between the institute and industries in order to mould industry ready budding engineers. Weaker students are taken care by conducting make-up classes. Saturdays are exclusively used for Learning beyond Curriculum activities which enhances the all-round growth of students.

**Gender Equity:**

The institution makes much efforts to empower women faculty and students.

Women Cell organises numerous events, awareness programs, etc. for ladies. Separate common room for both boys and girl students are provided. Students are also encouraged to participate in extra-curricular activities like self-defence methods, etc. The Anti-Sexual Harassment Committee (ASHC) holds several interactions with the students and faculty and brings awareness on sexual harassment. CCTV is put at critical positions to monitor the movements of students. Separate hostel for girl students are in place, which is fenced and gated. Women faculty counsellors support girl students and are approachable. The movement of girl students are recorded and monitored by professional Security personnel.

**Celebration of National Festivals:**

Every year the institute organizes national festivals and birth / death anniversaries of the great Indian personality's viz., social reformers and freedom fighters. The Institution conducts multiple extension activities like tree plantation, Swatch Bharat Abhiyaan, celebration of Matrubhasha day and constitution day. Green Audit and Energy Audit of the campus are done. Steps towards carbon neutrality, e-waste & hazardous managements, conservation of energy and water are undertaken. Rain water harvesting has been in place to assure an independent water supply during water restrictions. Forums like NSS, NCC, Bachpan, stand for the overall growth of the students. Their contribution is identified throughthe awards they have received. BVM- NSS is awarded as Best NSS by Gujarat Technological University for the year 2019-2020.

**Commitment to Society:**

Management runs lot many colleges and schools to cater the academic need of the children of the state. The Institute makes students aware of their responsibility towards society. The Institute deputes team of faculty members to organize programs such as village development projects, Organization of Blood Donation Camps, Gram Swachata Abhiyan and Village Development program, Tree plantation activities, Health Camps, Campaign about voter awareness program, Program on energy Awareness and energy Audit guidance for student, Yoga Awareness Training for faculty and student and One student – one tree program under Social Committee of the institute.

## પિંજરની આરપાર

કાલિન્દી પરીખ

*વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી*
*પશુ છે, પંખી છે, પુષ્પો, વનો, ને છે વનસ્પતિ!*

આ કાવ્યપંક્તિને અક્ષરશઃ જો કોઈએ પોતાના જીવનમાં પળે પળે જીવી બતાવી હોય તો તે છે રૂબિન ડેવિડ - કાંકરિયા ઝૂના સર્જક. તેમની પશુ-પંખી પ્રત્યેની અનોખી પ્રીતિને કવિ માધવ રામાનુજે 'પિંજરની આરપાર' નવલકથામાં વાચા આપી છે. સુરેશ દલાલ કહે છે તેમ આ નવલકથા માત્ર નવલકથા નથી. આ જીવનકથા છે. નવલકથા અને જીવનકથાની આ જુગલબંદી શાશ્વતીનું સંગીત છેડે છે. માધવ રામાનુજ કવિ હોવાથી તેમની કાવ્યપ્રતિભાના દર્શન ઠેર ઠેર થાય છે. તેઓ અચ્છા ચિત્રકાર પણ છે. તેમની શબ્દપીંછીથી ઘણાં નયનરમ્ય શબ્દચિત્રો પ્રસ્તુત કથામાં તાદશ થાય છે.

પ્રસ્તુત નવલકથાનો ઉઘાડ નાટ્યાત્મક ઘટનાથી થાય છે. મુંબઈની તાતા મેમોરિયલ હોસ્પિટલના બેકડ્રોપમાં રૂબિન ડેવિડને દર્શાવાયા છે. તેમને ગળાનું કેન્સર થયું હોવાથી સ્વરપેટી કાઢી લેવાની શસ્ત્રક્રિયાને અને તત્પશ્ચાત તેમને થયેલી દારુણ પીડાને આલેખી છે. એક સ્થળે હવે લખીને વાત કરી શકાશે એવા સૂચનના ઉત્તરમાં કહે છે, ''આખું મહાભારત લખાય એટલા કાગળ જોઈએ, મારે એક દિવસની વાતચીત માટે ને તોય શું વળે? અવાજનું વજન અક્ષરોમાં ક્યાંથી આવે?'' આગળ પણ રૂબિન કહે છે, ''બોલવું અને લખવું એ બે જુદી જુદી બાબતો છે. લખેલા અક્ષરો ધ્વનિવિહોણા હોય છે. બોલાતા શબ્દોમાં લિપિ નથી હોતી. તો અત્યારે મારી દશા કઈ કહેવાય? લિપિવિહોણા શબ્દો જેવી કે ધ્વનિવિહોણા અક્ષર જેવી?''

આ શબ્દોમાં રહેલી વ્યથા કોઈપણ સંવેદનશીલ ભાવકને ખળભળાવી મૂકે તેવી છે. તમસા નદીના કિનારે ક્રૌંચવધની ઘટના નિહાળીને વાલ્મીકિ ઋષિના મુખેથી સરી પડે છે રામાયણ મહાકાવ્યનો પ્રથમ શ્લોક - मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः। यत्क्रौंचमिथुनादेकम अवधीः काममोहितम।। અને પછી ૨૪૦૦૦ શ્લોકનું મહાકાવ્ય રામાયણ સર્જાય છે. રૂબિન ડેવિડ પણ ગાંગડના પંથકમાં શિકારીકૃત્ય કરતી વખતે એક હરિણીને વીંધે છે. આ હરિણી ગર્ભિણી હોવાથી તેના ગર્ભમાંથી લોહીનીં ગળતી હાલતમાં ફેંકાઈ ગએલું બચ્ચું તરફડે છે. નિઃસહાય હરિણીની આંખોમાંથી ટપકતી વ્યથાને જોઈને રૂબિન ડેવિડને યાદ આવે છે તેની પત્ની સેરાના ખોળામાં રમતી પુત્રી એસ્થર અને તે દિવસથી તેઓ શિકાર બંધ કરવાનો નિર્ણય કરે છે. પ્રાણીઓની આર્તચીસ સાંભળીને રૂબિન ડેવિડે જગપ્રસિદ્ધ કાંકરિયા ઝૂનું સર્જન કર્યું તે મહાકાવ્યથી જરાય ઊતરતું નથી. આ મહાકાવ્યની ભાષા કલરવની છે અને સંવાદ ક્યારેક મૌન દ્વારા, ક્યારેન નેત્રો દ્વારા તો કદીક સ્પર્શ દ્વારા થાય છે. આ એક વિશાળ રંગભૂમિ છે. ઝૂની મુલાકાતે આવેલા પૃથ્વીરાજ કપૂરે રૂબિનને પૂછ્યું હતું, ''સ્ટેજ પર કામ કર્યું છે?'' ત્યારે પ્રત્યુત્તરમાં રૂબિન કહે છે, ''હા, કર્યું છે શું, કરી રહ્યો છું. આ છે મારું સ્ટેજ - મારી રંગભૂમિ - મારી કર્મભૂમિ - મૈં ભી એક કલાકાર હૂં. એક ઐસા કલાકાર જિસકે કલાકાર તરહ તરહકે હૈ, બેનમૂન હૈ!''

અહીં મોર કળા કરીને નાચતો હોય, મગરની ક્રૂરતા આંસુ બનીને ખરતી હોય, કોઈ પોતાને પંપાળશે એની રાહમાં વાઘની વિકરાળતા ઓગળી જતી હોય, સિંહ કોઈને ભેરવા, ચૂમવા તલપાપડ બન્યો હોય, નાગ ફેણ સંકેલીને એના પગમાં આળોટવા લાગ્યો હોય, સિંહણે એનાં તાજાં જન્મેલાં બે બચ્ચાં એ ઋષિના હાથમાં સોંપી દીધાં હોય, ઉજ્જડતામાં કૂંપળો ફૂટીને વેરાન પગદંડીને રમ્ય વીથિકામાં પરિવર્તિત કરતું હોય એ એક રોમહર્ષણ યુદ્ધની મહાગાથા જેવું છે.

રૂબિન ડેવિડ બોલે છે અને માધવ રામાનુજ લખે છે. સ્વરપેટી કાઢી નાખી હોવાથી ઈલેક્ટ્રોરિંગથી બોલે છે જેની ટરરર... ટરરર... ભાષા સમજતાં પ્રારંભે તો મુશ્કેલી વર્તાય છે પણ પછી તો જેમ જેમ વાતો થતી જાય છે તેમ તકલીફો ભુંસાતી જાય છે અને જીવનકથા + નવલકથા ઊપસતી જાય છે.

વડવાઓનું ભારતમાં આગમન થયા બાદ ડૉ. ડેવિડ

 ISSN 0976 – 9609

જોસેફનો વંશવેલો વિસ્તરતો જાય છે. આ વેલા પરનું અમૃતફળ એટલે આપણા ખાસ તો પ્રાણીઓના લાડકવાયા રૂબિન. પિતા ડૉ.જોસેફ સોલોમનની નજરે કશા કામનો નહીં એવા બાળ રૂબિનને શાળાને બદલે નદીની કોતરોમાં ભમવું-ભટકવું વધારે ગમતું હતું. પિતાએ પાળેલાં પશુ-પક્ષીઓની દિલ દઈને સારવાર કરતો આ કિશોર એક દિવસ અવતારકૃત્ય કરશે તેનાથી અનભિજ્ઞ ડૉ.સોલોમન નેતરની સોટી લઈને તેની પાછળ દોડ્યા તો દાદીમા મોટી ઉંમર સુધી વનિયરનો ડર બતાવતાં રહ્યાં.

યુવાન થતાં અંગ્રેજ અધિકારીઓ અને રજવાડાંના સંપર્કમાં આવ્યા. શિકારનો શોખ જાગ્યો. રજવાડી જલસાઓ, જામ છલકાવતી મહેફિલો, બંદૂકોનું રિપેરીંગકામ, કૂતરાંની પેટન્ટ દવાઓ, કેનેરી પક્ષીને તાલીમ આપતો કસુંબલ કંઠ અને પ્રણય-વિરહમાં ઝૂરતી યુવાની. સાબરકાંઠાના જંગલમાં દીપડો શિકારી ગોળીથી વીંધાઈને ઘાયલ થયો હોય ત્યારે તેની સામે પેંતરો ભરીને સજ્જ થવું તે કાંઈ કોઈ ખેલ નથી. જીવસટોસટના આ ભીષણ જંગમાં તેમણે જે બહાદુરી બતાવી તેથી તેઓ તે વિસ્તારમાં દંતકથાના વીરનાયક બની ગયા.

રૂબિન ડેવિડ સરેરાશ માણસ ન હતા. ચાર ચોપડી ભણેલા આ માણસની શક્તિઓ ઘણી વધારે હતી. સફળતાના માપદંડોને કોરાણે મૂકીને તેમની વિરલ પ્રતિભાને જાણી શકનારાઓ પણ હતા. અને એટલે તેમના લક્ષ્મીનિવાસના ઝાંપે એક દિવસ નગરપાલિકાની ગાડી આવીને ઊભી રહે છે. તત્કાલીન ડેપ્યુટી મેયર જનાબ એમ.બી. કાદરી અને કમિશ્નર શ્રી બી.પી. પટેલ કાંકરિયાના કાંઠે હિલગાર્ડનના સમરહાઉસમાં મૂકેલાં પક્ષીઓનાં પિંજરાં અને માછલીઓના એક્વેરિયમની સાચવણ અને વિસ્તરણની જવાબદારી સોંપે છે. માછલીઓની બ્હાવરી આંખોની ભાષા ઉકેલી શકતા અને પક્ષીઓના કલરવને જાણતા રૂબિનને વનસૃષ્ટિનો સાદ સંભળાય છે અને તેઓ સંમતિ ભણે છે અને પછી એક દિવસ આ કલરવ આખી દુનિયાના કાને પડ્યો.

બીજે દિવસે સવારે રૂબિન પોતાની સાઈકલ પર પરિવારની શુભેચ્છાઓ સાથે કાંકરિયા આવ્યા. તેમનું હૈયું ધડકી ઊઠ્યું. સમરહાઉસમાં આવીને જોયું તો એક્વેરિયમનું પાણી ડહોળું હતું. પક્ષીઓનાં પાંજરાં સાંકડાં હતાં. હાફિઝમિયા એક જ ડબ્બામાંથી એકસરખું ચણ બધાં પાંજરામાં નાખતા હતા. રૂબિન કંઈ પણ બોલ્યા વિના બહાર આવ્યા. કોને કહેવું? શું કહેવું? વ્યવસ્થા બરાબર ન ગોઠવાય તો આ બધાં ટપોટપ મરવા માંડે!

રૂબિનનું હૈયું દ્વિધામાં વલોવાય છે. ''શું કરું? આ નાનકડા પાંજરાં ઉઘાડી નાખું? પક્ષીઓને ઉડાડી મૂકું? ને એક્વેરિયમની માછલીઓને કાંકરિયાના પાણીમાં મૂકી આવું? આપણે પોતે જ પ્રકૃતિથી દૂર સરી રહ્યાં છીએ. ભીંસાઈ, ગૂંગળાઈ રહ્યાં છીએ એમાં ઉમેરો શા માટે કરવો? જે અસીમ આકાશમાં ઊડી શકે છે અને અતળ પાતાળ જેનું ઘર છે એવા આ જીવને અહીં આમ ગૂંગળાવી નાખતી ખોબા જેટલી જગામાં પૂરી રાખીને શું સિદ્ધ કરવા માગીએ છીએ આપણે?'' રૂબિનને તે પોતે જાણે જેલર હોય અને આ મૂંગા જીવો જનમટીપની સજા પામેલા કેદીઓ હોય તેવું અનુભવાય છે. માનવજાત પોતાના આનંદ માટે સ્વાર્થપરાયણ સંશોધન માટે માનવેતર સૃષ્ટિને બંધનમાં નાખ્યે જાય છે. અહીં તેમના આ બંધનને કેટલે અંશે મુક્તિમાં ફેરવી શકો?

- પણ માળી મદારીખાનની સાથે હિલગાર્ડનનો રાઉન્ડ લેતી વખતે રૂબિને જોયું કે ગમે ત્યાંથી કાંકરિયા તળાવ દેખાતું હતું. આ જળહિલ્લોળા લેતું સરોવર જાણે મૈત્રીનો નાદ સંભળાવતું હતું. રૂબિન ડેવિડ આ ભવ્ય કાંકરિયા જેટલીજ રમણીયતાને અહીં પણ રોપવાનો ભાગીરથિ સંકલ્પ કરે છે. પ્રકૃતિ જાણે તેમને હાજરાહજૂર હોય તેમ હોંકારો ભણે છે.

ધીરે ધીરે સમરહાઉસની શકલ બદલાવા માંડી. નાનાં પાંજરાંઓ હિતાવહ ન હોવાનું કહી કાંકરિયા ઝૂને વિશાળ બનાવવાનો પ્લાન રજૂ કર્યો સાથે એક્વેરિયમના વિકાસ માટે દસ ટેન્ક (જળાશયો)ની દરખાસ્ત પણ મૂકી, જે મંજૂર થઈ. દરમિયાનમાં વરસાદના અભાવે કાંકરિયાનું છલોછલ હિલ્લોળાતું અને નગીનાવાડીનું રમ્ય પ્રતિબિંબ પાડતું પાણી સૂકાઈ રહ્યું હતું, ગંધાઈ રહ્યું હતું. નગરપાલિકાએ એ પાણી ઉલેચવાનું શરૂ કર્યું. પાણી ઉલેચતાં મશીનોના અવાજથી રૂબિનને લાગતું કે જાણે કોઈ એમના હૃદયમાંથી લોહી ખેંચી રહ્યું છે, જીવન ઉલેચી રહ્યું છે.

બે કાંઠે છલકાતાં કાંકરિયાની જાહોજલાલી તો ભૂતકાલીન બની જવાને આરે હતી ત્યારે તેના સાક્ષી મગરના સંરક્ષણની જવાબદારી રૂબિનના શિરે આવી પડી. આ સાથે અન્ય વન્યજીવો અને તેમની પ્રજાતિના સંવર્ધનનો શંખ પણ વાગવા લાગ્યો. રૂબિને આ મગરદંપતી માટે જાળીવાળો કૂવો તૈયાર કરાવડાવ્યો. આ બંનેનું મંગળા-મંગા એવું નામાભિધાન પણ કર્યું. પછી તો તેમણે હિલગાર્ડનને હરિયાળી અને પથ્થરોની કલાત્મક ગોઠવણીથી મઢી લેવાનું આરંભ્યું.

આ સજાવટ દરમિયાન આવેલા એક મિત્રે પૂછ્યું, ''આ કોના સ્વાગતની તૈયારીઓ થઈ રહી છે? અહીં કોણ આવવાનું છે?''

રૂબિને ભાવિમાં મીટ માંડતાં કહ્યું, ''જંગલ... જંગલ આવવાનું છે દોસ્ત.''

અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતા આ શહેરને પોતાની મસ્તીમાં રમતાં, ઝૂમતાં જંગલની રમ્યતા અને ભવ્યતાની ભેટ ધરી. આ નજારો હિલગાર્ડનના નિર્માતા ભાઈલાલભાઈ પટેલ - ભાઈકાકા જોવા પધાર્યા અને તેમણે તેમનો હર્ષ વ્યક્ત કરતાં નોંધ મૂકી કે, ''હિન્દના અન્ય શહેરોમાં ઝૂ છે પણ પ્રજાને કેળવણી આપે એવી વ્યવસ્થા નથી. હિલગાર્ડનની આ વિશિષ્ટતા છે. એકેએક પ્રાણી અને પક્ષીઓનાં નામ ઉપરાંત એમના સંબંધે ઘણી હકીકત જાણવાની મળે છે. પ્રાણી અને પક્ષીઓને કેમ રાખવાં, શું ખોરાક આપવો, એમનું પ્રજનન શી રીતે થાય. આપણી કોલેજોમાં સારાં મ્યુઝિયમો બનાવવા હોય તો કોલેજના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓના પ્રવાસો આ સ્થળે ગોઠવાવા જોઈએ.''

આ જ અરસામાં સાયન્સ ક્લબ ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર શ્રી જી.એમ. જાદવ પણ આવ્યા હતા. તેમણે પણ તેમની નોંધમાં લખ્યું કે, ''દેશી-વિદેશી પક્ષીઓને તેમને માફક આવે એવી કુદરતી સ્થિતિમાં રહેતાં જોઈને મને થયું કે માત્ર કુદરતના શોખીનોથી જ આ કાર્ય થઈ શકે. ભારત અને પરદેશમાં આવા બગીચા તો છે પણ આટલી નાનકડી જગ્યામાં આવી સુંદર ગોઠવણી બેનમૂન ગણાય.''

એક મિત્રએ રૂબિનને પ્રાણીબાગ માટે દીપડાના બે બચ્ચાંઓ ભેટ આપ્યાં. આ માટે પાંજરું તૈયાર કરવાનું હતું. ત્યારે વળી પેલું મનોમંથન થવા લાગ્યું. છલાંગભેર દોડતાં આ પ્રાણીઓને શા માટે આટલી અમથી મર્યાદિત જગ્યામાં લાવીને હું મૂકું છું? ભીતરની આ વેદનાએ લાગણી વધારવાનું કામ કર્યું ને એમાંથી જ જવાબો મળતા ગયા. આ વાઘ, સિંહ, રીંછ, દીપડા માણસના દુશ્મન હોવાનું મ્હેણું એમના માથે છે. માણસ દૂરથી જ એને જોઈને ડરવા લાગે છે અને નસીબજોગે જો એનો ભેટો થઈ જાય તો એનું વર્ણન કરવા જીવતા ય રહેવાય નહીં. રૂબિન વિચારે છે કે, ''આપણા સમાજને અને બાળકોને આ બધાં પ્રાણીઓનું ભયજનક રૂપ માત્ર છબીઓ દ્વારા જ દેખાડવાનું? સાવ પાસેથી એવું મુલાયમ અને તરવરતું સૌંદર્ય દેખાડવાની વ્યવસ્થા આવકાર્ય ન ગણાય?''

જંગલના જીવોનો શિકાર કરીને પછીથી એનું ખોળિયું મસાલા ભરીને કોઈ રાજાના મહેલમાં કે મ્યુઝિયમમાં એ મૂકાય એના કરતાં હરતાં ફરતાં પ્રાણીને નિરાંતે નિર્ભય થઈને જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવી એ જ ઉચિત નથી શું? હા, કોઈપણ જીવ પ્રદર્શનની ચીજ માત્ર ન બનાવી દેવાય. આથી જ રૂબિન કહે છે, ''મારે અહીં સરકસ નથી ઊભું કરવું. મારે તો જંગલ વસાવવું છે.'' તેઓ પાંજરાની જે દીવાલ ઊભી કરતા તે તો મનુષ્ય અને પશુ-પંખીઓ એમ ઉભયની સુરક્ષા કાજે જ વળી. આનાથી પરસ્પરનો પરિચય અને વિશ્વાસ કેળવાય એવી ભાવના દૃઢ થાય.

રૂબિને એવું મુક્ત વાતાવરણ પૂરું પાડ્યું કે હરણાંએ ઠેક ભરવા લાગ્યાં, સોનમૃગો કૂણાં કૂણાં તૃણાંકુરો ખાવા લાગ્યા. ફ્લેમિંગો તેમની ગુલાબી ગુલાબી ચાંચોથી માટીના માળા બાંધવા લાગ્યાં. કાંકરિયાનું ઝૂ સિંહોની ડણકોથી ગાજી ઊઠ્યું. મોર, ઘુવડ, શાહુડી, ચિત્તલ જેવાં અનેક એલ્બીનો ઉપરાંત એક સફેદ કાગડો પણ શોભામાં અભિવૃદ્ધિ કરવા ભેટ તરીકે મળ્યો. રૂબિનની બાલવાટિકા જોયા પછી ભાવનગરના મહારાજાએ પોતાના ખાસ સંગ્રહમાંથી કેળવાયેલાં કબૂતરો તેના જાણકાર માણસ શફુરખાન સાથે ભેટમાં આપ્યાં.

રૂબિન પ્રાણીઓની રક્ષા માટે અવનવા પ્રયોગો કરવા દૂર દૂર સુધી જતા. મધ્યપ્રદેશના રેવાના મહારાજા પાસેથી સફેદ વાઘ લઈ આવ્યા હતા તો એશિયાટિક સિંહોના એક માત્ર નિવાસસ્થાન એવા સાસણના ગીર અભ્યારણમાંથી સિંહ-સિંહણને લઈ આવ્યા હતા. આ સિંહણે પ્રાણીબાગમાં આવ્યા પછી બચ્ચાંને જન્મ આપ્યો. પણ સિંહણ તેને પોતાની પાસે આવવા દેતી ન હતી. રૂબિને


ISSN 0976 – 9609

જોયું કે તે તેના બચ્ચાંને ધવડાવતી નથી. માંસાહારી પ્રાણી માટે માંસાહારી પ્રાણીના દૂધની જ વ્યવસ્થા કરવી પડે. આથી કૂતરીના દૂધની વ્યવસ્થા કરી. આ કૂતરીના દૂધે ઊછરતાં સિંહબાળ મોન્ટુની જેમ વાઘબાળ રાજુ સાથે ત્રણ મહિનાની એલ્સેશિયન કૂતરી અને એક વર્ષના સામાન્ય માંકડાને રાખી સહઅસ્તિત્ત્વના પ્રયોગો કર્યા. પ્રાણીમાત્ર કુદરતના નિર્દોષ પ્રતિનિધિ છે. સહજ રીતે જ અનુકૂળ વાતાવરણમાં હિંસકવૃત્તિઓ પણ ઓગળી જાય છે.

રૂબિન ડેવિડના આ ઝૂને વિશ્વના બીજા નંબરના મગર પ્રજનન કેન્દ્ર તરીકેનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. આ રૂબિન ડેવિડ શું છે? તેઓ કોઈ વ્યક્તિ નથી. અડાબીડ વન છે. ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય યુનિવર્સિટીના પ્રાગૈતિહાસિક સંશોધન વિભાગના પ્રો.ગ્રીવ્ઝ સપત્ની ભારત આવ્યા હતા. ભારત-પાક.ના સીમાડે સંશોધન દરમિયાન તેમને પ્રાગૈતિહાસિક કાળના એક પ્રાણીના અવશેષ મળી આવ્યા. એના નાજુક દંતશૂળ વરાહ અવતારનું સૂચન કરતા હતા. જે દેશમાં ભગવાન પણ પ્રાણીનો અવતાર લેતા હોવાની શ્રદ્ધા પ્રવર્તતી હોય એ દેશમાં જ રૂબિન જેવા અવતરે! તેમણે આ પ્રાણીનું નામ રૂબિન આપ્યું અને કહ્યું કે, ''રૂબિન ખૂબસૂરત પ્રાણી છે. પછી ઉમેર્યું કે માત્ર પ્રાણી નથી પરંતુ જોખમમાં મુકાએલી એક વિરલ પ્રાણીની જાત છે.'' ગ્રીવ્ઝ દંપતી ભારતમાં ખાસ રૂબિનને મળવા જ આવ્યું હતું. કારણ કે ઘુડખર પ્રાણીબાગમાં વિકસાવ્યાં હતાં. ઘુડખર-જંગલી ગધેડાં કચ્છના રણનું ગતિશીલ પ્રાણી. હરણ હજુ પકડી શકાય પણ ઘુડખરને પકડવું મુશ્કેલ અને પાળવું તો એથીય વધુ મુશ્કેલ. ઘુડખરે પણ પોતાના તરફથી એવી ભેટ આપી કે સફળ સંવર્ધનની આંતરરાષ્ટ્રીય ઝૂમાં તેની નોંધ મૂકવામાં આવી.

એક વખત ધી ગ્રેટ રોયલ સરકસ આવ્યું. એ સરકસની ખાસ તાલીમ પામેલી હાથણી સુમિત્રા વેચવાની હતી. સરકસમાંથી હાથણી સુમિત્રા ઉપરાંત છ મહિનાની એક સિંહણ કન્યા જેનું નામ બેબી નીલમ હતું તે પણ ખરીદવામાં આવી. તેમને કુમકુમ ચોખા અને ફૂલહારથી વધાવવામાં આવ્યાં. આ નીલમને પછી વાઘ સુલતાન સાથે રાખવામાં આવી. આ બંને દ્વારા 'ટાયલોન' નામની જાતિ પેદા કરવાનો પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો. આ જ રીતે વરૂ અને આલ્સેશિયન કૂતરીનું સહજીવન પણ સફળ થયું. તેમનાં ચાર બચ્ચાંને નામ આપ્યું 'આસ્લોવ', ઘુડખર માદા અને નર ઝીબ્રાનાં બચ્ચાંને નામ આપ્યું 'ઝિબ્રાઈડ'.

રૂબિન આ બધું કરી શકતા કેમ કે તેમના હૃદયમાં રડાર બેસાડેલું છે તેમ તેઓ પોતે જ કહેતા. એકવાર એવું બન્યું કે રૂબિનનો મદદનીશ સીદી બાદશાહ વનરાજ અને વનરાણીના પાંજરામાં ખોરાક મૂકી, સફાઈ માટે રોકાયો. સીદી નાના પાંજરાનું બારણું બંધ કરવાનું ભૂલી ગયો. સિંહણે મોટા પાંજરામાં છલાંગ મારી પણ તે પહેલાં તો તે પાંજરાની બહાર ધકેલાઈ ગયો. રૂબિને આવીને બારણું બંધ કરી દીધું હતું. સીદી પૂછે છે, ''તમે ક્યારે આવી ચડ્યા?''

રૂબિન કહે છે, ''મારા હૃદયમાં રડાર બેસાડેલું છે બાદશાહ, પ્રાણીબાગના કોઈ દૂરના ખૂણામાં ઝાડનું એક પાંદડું તૂટે કે પછી કોઈ પ્રાણીને છીંક આવે કે કોઈ પક્ષીની પાંખ ફફડે તોય મને તરત સંકેત મળી જાય છે.''

પ્રાણીબાગના વિકાસની સાથે રૂબિને કાંકરિયા વિસ્તારની ગુંડાગીરીને ય નામશેષ કરવાનું કામ ઉપાડ્યું હતું. એક પછી એક ઉપક્રમોનું નિર્માણ-આયોજન થતું હતું. અભ્યાસુ માટે પશુપક્ષીઓના પરિચય સાથેના ચિત્રો મૂક્યાં. મૃતશરીરોને મસાલો ભરીને કાયમ માટે દર્શનીય રાખવાનું શરૂ કર્યું. જે આજે એક બેનમૂન સંગ્રહ તરીકે ઉલ્લેખનીય ગણાય છે. જેને નેશનલ હિસ્ટ્રી મ્યુઝિયમ તરીકે પ્રસિદ્ધિ મળી છે.

આટલું બધું કર્યું હોય અને બાળકોની સ્વપ્નસૃષ્ટિ માટે રૂબિન કશું ન કરે તેવું તો બને જ શી રીતે? આ બાલવાટિકાની મુલાકાત લેવા માટે બાળક સાથે હોવું જરૂરી હતું. રૂબિન કહેતા, ''ફક્ત બાળક જ નહીં બાળપણ લાવવું પણ જરૂરી છે.'' પં.જવાહરલાલ નહેરૂએ આ બાલવાટિકાની મુલાકાત લીધા પછી કહ્યું હતું કે, ''બાલવાટિકા તેના જોનારને ફરી એકવાર અમદાવાદમાં જન્મ લેવાની અને અહીં ઉછેરીને મોટા થવાની પ્રેરણા આપે છે.''

શંકર્સ વિકલીના તંત્રી હોય કે મોરારજી દેસાઈ કે અશોક મહેતા જેવા મહાનુભાવો હોય સહુ કોઈએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. એટલું જ નહીં ભારત ખાતેના અમેરિકન એલચી પ્રો.ગાલબ્રેથે તો ''ડિઝનીલેન્ડની બાજુમાં રહેતાં બાળકોને પણ ઈર્ષા આવે એવી છે આ બાલવાટિકા'' એમ કહી નવાજી હતી.

બાલવાટિકા બન્યા પછી વ્હી શાંતારામ, કૈફી આઝમી,

શકીલ બદાયુની, સંધ્યા, આશા પારેખ એમ ઘણાં ફિલ્મી કલાકારો પણ આવવા લાગ્યાં હતાં. જુદી જુદી જગ્યાએ ઊભા રહીને ફોટા પડાવતાં. આના પરિણામે ત્યાં આવનારા લોકો પણ પેલા કલાકારોએ જ્યાં જ્યાં ઊભા રહીને ફોટા પડાવ્યાં હોય ત્યાં ત્યાં પોતાના ફોટા પણ પડાવવા લાગ્યા અને આમ આકર્ષણ વધવા લાગ્યું. કવિ ભરત વ્યાસે તો એક ગીત પણ લખ્યું - ઝૂ વિચિત્ર વિશાલ દેખા/ રૂબિનજીકી કમાલ દેખા/શ્વાન-જનની-સિંહ બેટા/એક અદ્ભુત હાલ દેખા.

આમ છતાંય બધા સરખા નથી હોતા. કેટલાક આ નિર્દોષ પ્રાણીઓને રંજાડતા અચકાતા નથી હોતા. મગરદંપતીના કૂવાની જાળી તોડવી, જળબિલાડીના પાંજરામાં ચણા નાખવા, શાહમૃગના પીંછાંને સળગાવવાં, ઈમુની ચાંચમાં રહેલી જીભને ખોરાકની લાલચ આપી રબરબેન્ડથી બાંધી દેવી - આવા નિંદાજનક શરમિંદીભર્યા કૃત્યો કરે છે ત્યારે સહેજે ય એમ થાય કે આ પ્રાણીઓને માનવભક્ષી કહેવાને બદલે મનુષ્યજાતિને પશુભક્ષી કહેવી જોઈએ. પાંજરે પાંજરે માણસ તો ગોઠવી શકાય પણ માણસે માણસે માણસ ક્યાં ગોઠવવા?

મનુષ્ય જો જરાક પ્રેમ આપે તો આ પ્રાણીઓ તેમના પર જાન ન્યોછાવર કરી દે તેમ છે/કરે છે. રૂબિનદાદાને સિંહબાળ મોન્ટુ ખૂબ જ ચાહે છે. તેના આ રૂબિનદાદા હાર્ટએટેક આવવાના કારણે થોડા દિવસ ઝૂ પર નહોતા જઈ શક્યા એટલે જેવા તેઓ થોડાક સ્વસ્થ થયા કે ઊપડ્યા પ્રાણીબાગ અને જઈને સહુથી પહેલા ઊભા રહી ગયા મોન્ટુના પાંજરા પાસે. મોન્ટુ તેના રૂબિનદાદાને વળગી જ પડ્યો. આગલા બે પગ તેમના ખભા પર ને વિકરાળ જડબું ચહેરા સામે/બહારથી જોનારને લાગે ખેલ ખલાસ. મોન્ટુ લાંબી ધારદાર જીભે મોં ચાટી લાડ કરે છે ને ઘુરકતો જાય છે, ''કેમ નહોતા આવતા? તમારા મોન્ટુને આટલા દિવસ ભૂલી ગયા? મને તમારા વિના બહુ સૂનું લાગતું હતું.'' પણ આમ હેત કરવા જતાં રૂબિનદાદાએ સમતોલન ગુમાવ્યું અને પડી ગયા. જમણા હાથનું હાડકું તડાક દઈને તૂટી ગયું. જોકે પોલાદી કાઠું ધરાવતા રૂબિન તરત જ ઊભા થઈ ગયા પણ તેમને રોષમિશ્રિત દુઃખ થયું. પોતાને ઈજા થઈ એનું નહીં પણ મહેમાનોની સામે એક સભ્ય યુવકને ન છાજે તેવું વર્તન તેમના મોન્ટુએ કર્યું હતું. પાસે પડેલી નેતરની સોટી વડે શિક્ષા કરી તો મોન્ટુએ આજ્ઞાંકિત વિદ્યાર્થીની માફક નતમસ્તકે સજાને સહી પણ લીધી. કહે છે કે એ દિવસે એક સિંહ અને એક નરસિંહના આંસુ એક થઈને વહ્યાં હતાં.

આવો જ પ્રેમ એમિલી કરતી હતી. સુમિત્રા હાથણીના પ્રવેશના એકાદ સપ્તાહ બાદ માણસ જેવી સમજદારી ધરાવતી ચિમ્પાન્ઝી વાનર માદા ઉર્ફે એમિલી આવી હતી. તે ફિલ્મ ડિવિઝનમાં બાળકો માટેના ટેલિવિઝન કાર્યક્રમોમાં ભાગ લેતી હતી એટલે જોતજોતામાં એમિલી વિખ્યાત ટીવી સ્ટાર બની ગઈ. તેને પથારીમાં સૂવાની ટેવ, ઝૂમાં પોતાની પથારી પોતે જ પાથરે, પાંજરું વાળી નાખે, સવારે ઊઠીને જાતે જ નળ પાસે જઈને હાથ-મોં ધુએ, કપડું ભીંજવીને શરીર લૂછે. હાથોહાથ ખોરાક લે. હાથ મિલાવી આભાર માને અને કોઈ સતાવે તો દંડો ઉગામતાંય અચકાય નહીં. ક્વચિત ધૂમ્રપાનની મોજ પણ માણે.

આ ઝૂમાં હવે એક ઉરાંગ-ઉટાનની જ કમી હતી તો તે પણ આવ્યો. ઓસ્ટ્રેલિયાથી ડૉ.રોઝમેરી આવ્યા હતા. તેમણે ઉરાંગનો અભ્યાસ કરી તેના પર પીએચ.ડી. કર્યું હતું. આથી તેઓ અહીં ઉરાંગ માટે અનુકૂળતા છે કે કેમ તે જોવા આવ્યા હતા. આ ઉરાંગ-ઉટાન જોવા માનવ-મહેરામણ ઊમટે છે.

થોડાં પક્ષીઓનાં પાંજરા અને માછલીઓની દેખરેખથી આરંભાયેલી આ યાત્રા રૂબિનના મૃત્યુ પર્યંત ચાલુ રહી. પંદરસો જેટલા દેશવિદેશનાં અદ્ભુત પક્ષીઓ, આઠસો જેટલા વિવિધ પ્રાણીઓ, - જેમાં સવાસો જેટલા જુદી જુદી જાતનાં હરણ, એકસો પંદર વિવિધ મગર, રાજનાગ સહિત ચાળીસ જેટલા સર્પ, છવ્વીસ ગોલ્ડન ફેજન્ટ, પંચોતેર સુરખાબ, બાર પેલિકન, ચુમ્મોતેર બર્મીઝ, દેશી અને સફેદ મોર - ઉપરાંત યશકલગી સમાં ગણનાપાત્ર પ્રજનન તો વળી જુદાં - આ સાથે ઉરાંગ-ઉટાનને પ્રાણીબાગમાં સ્થાપવાનું તેમનું સ્વપ્ન સિદ્ધ થયું.

રૂબિન ડેવિડ હવે નિવૃત્તિ ઇચ્છતા હતા પણ કોઈ એમ ક્યાં નિવૃત્ત થવા દે તેમ હતું? ઈન્દ્રોડા પાર્કની કામગીરી પણ તેમને સોંપવામાં આવી. થોડો સમય તેમણે ખૂબ નિષ્ઠાપૂર્વક કામ કર્યું પણ મતભેદ સર્જાતા અને કંઈ અંશે રાજકારણ રમાતા તેમણે ત્યાંથી રાજીનામું ધરી દીધું.

આ જ રીતે રૂબિનના ઝૂ પરત્વે શંકા લાવીને વિજિલન્સ વિભાગે દરોડો પાડ્યો હતો. સામાન્ય સંજોગોમાં પશુ-પંખીઓની તંદુરસ્તી બાબતની સહજ ટીકા કરનારાઓને ધુત્કારી કાઢતા રૂબિન પશુપંખીઓની ગણતરી અને ચેકિંગ

 ISSN 0976 – 9609

કરતા વિજિલન્સના કર્મચારીઓને કંઈ જ કહી શક્યા નહીં. ગમે તેમ તોય પોતે તો નગરપાલિકાના કર્મચારી જ તે. તેમના સ્વમાનને ઠેસ પહોંચી. પણ આથી ય મોટું દુઃખ તો થયું બજરીગર અને લવબર્ડ જેવા નાજુક નમણાં પક્ષીઓનાં ફૂલપાંખડી સરખાં બચ્ચાં અને ઈંડાય એક એક કરીને ગણ્યા તેનું! આ બચ્ચાંઓ અંતે મૃત્યુ પામ્યાં. આ તેમનાથી સહન થયું નહીં અને રાજીનામું ધરી દીધું.

આ સમયે લોકલાગણીની પ્રતીતિ થઈ. એક સ્કુટર સવારે રૂબિનદાદાની ગાડીને બૂમો પાડી થોભાવી અને પછી રાજીનામું પાછું ખેંચી લેવા વિનંતી કરી, ખૂબ આગ્રહ કર્યો. રૂબિને એના આ ચાહકને મૂક સંમતિ આપી કેમ કે રસ્તા વચ્ચે બીજી કોઈ ચર્ચા થઈ શકે તેમ નહોતી.

રૂબિન ડેવિડનો આદર્શ હંમેશા એ જ રહ્યો છે કે વનસૃષ્ટિના કે ઝૂના સંરક્ષણ કે સ્વમાનના ભોગે કશું ચલાવી ન લેવાય.

આવા રૂબિનના મૃત્યુને કોઈ કઈ રીતે સ્વીકારી શકે? તેમના મૃતદેહને જેવો આંગણું વટાવી શેરીમાં લઈ આવ્યા ને - 'કી'ને નામે ઓળખાતા પક્ષીઓના વેપારીએ તેમની ઉંમરના વર્ષો જેટલાં - ૭૯ પક્ષીઓ પાંજરાંમાંથી મુક્ત કર્યાં. મુક્ત થયેલાં કેટલાંક પક્ષીઓ એમના શબ પર બિછાવેલા ગુલાબ પર બેઠાં ને પછી ઊડી ગયાં. આનાથી મોટી બીજી કઈ શ્રદ્ધાંજલિ કે સલામી હોઈ શકે?

માધવ રામાનુજ નવલકથાના અંતે લખે છે - રૂબિન, ધરતીને પહેલા વરસાદનો સ્પર્શ થશે, પછી માટીની મહેક પ્રસરશે... કાંકરિયું એકલવાયું લાગશે... પશુપક્ષી પિંજરની આરપાર નજર બિછાવીને બેઠાં હશે કે કોઈના મૃદુ સ્પર્શ માટે માથું નમાવીને ઊભાં હશે. ક્યાંક મોર કળા કરતો દેખાશે. સુરખાબનાં બચ્ચાં ચાલતાં શીખતાં હશે ને તમે યાદ આવશો. પ્રકૃતિનું લીલાવિશ્વ પૃથ્વીને આંગણે રમતું રહેશે ને તમે યાદ આવશો. તમે યાદ આવશો રૂબિન અને આંસુનાં સરોવર પછી પાંપણની આમન્યા નહીં જાળવી શકે.

'પિંજરની આરપાર' નવલકથા તો છે જ પણ સાથે સાથે તે અનોખી કહી શકાય તેવી પ્રેમકથા પણ છે. એક મહામાનવની પ્રાણીઓ સાથેના, પંખીઓ સાથેના પ્રેમની કથા વાત્સલ્યનું એક એવું પારણું હતું રૂબિનનું હૈયું. આ કથા એટલે તેમના માટે ગવાયેલું હાલરડું. સાંપ્રત સમયમાં મનુષ્ય તેની અમર્યાદ લાલસાઓ માટે વન્યસૃષ્ટિનું નિકંદન કાઢતો જ રહ્યો છે ત્યારે આ નવલકથા પ્રસ્તુત બની રહે તેમ છે. પ્રકૃતિના આ નિર્દોષ જીવો પ્રત્યે દયા નહીં પણ અનુકંપા અને સહાનુભૂતિ જગાડે તેવી છે. સામસામી ભીતિને ઓગાળી પરસ્પરની પ્રીતિથી મઘમઘતો રમણીય બાગ છે, 'લવનેચર'નું સંદેશ આપતું મેઘધનુષી ચિત્ર છે.

'પિંજરની આરપાર' એટલે બંધનમાં મુક્તિનો અહેસાસ કરાવતો મુલાયમ સ્પર્શ.

૩, દેના બેન્ક સોસાયટી, અમરેલી-૩૬૫ ૬૦૧
મો.૯૪૨૯૧ ૩૯૧૪૫

**।। વિદ્યાવૃત્ત ।।**

**સીવિએમ યુનિવર્સિટીના એનએસએસ સેલ દ્વારા થેલેસેમિયા પરીક્ષણની અગત્યતા વિષે વેબિનાર યોજાયો**

સીવિએમ યુનિવર્સિટીના એનએસએસ સેલ દ્વારા સીવિએમ-એનએસએસ વિભાગ અને વડોદરા સ્થિત એનજીઓ ધ વિશિંગ ફેક્ટરીના સહકારથી એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ.પુતૂન પટેલે લગ્ન પહેલાં થેલેસેમિયા પરીક્ષણની અગત્યતા વિષય પર વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે થેલેસેમિયા મેજર એક આનુવંશિક રોગ છે જેની અતિ કષ્ટદાયક અને ખર્ચાળ સારવાર લેવા છતાં બાળક મોટેભાગે પુખ્તાવસ્થાના ઉંબરે પહોંચતાં જ મૃત્યુ પામે છે. એનજીઓના ટ્રસ્ટી ડૉ.ઈશા દેસાઈએ એનજીઓની સ્થાપના પાછળનો હેતુ અને તેની સેવા-પ્રવૃત્તિઓ વિષે સહુને માહિતગાર કર્યા હતા. એન.વિ. પટેલ સાયન્સ કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ.ધનંજય ધ્રુવે વેબિનારનું સૂત્ર સંચાલન સંભાળ્યું હતું જ્યારે ડૉ.તેજસ ઠક્કરે આભારવિધિ કરી હતી. સીવિએમ યુનિવર્સિટીના આઈટી સેલના અધ્યક્ષ શ્રી સર્વેશ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આ વેબિનારનું સીવિએમ યુનિવર્સિટીની યુટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એંજિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મનિષ પટેલ, સેક્રેટરીશ્રી ડૉ.એસ.જી. પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી મેહુલ પટેલ, શ્રી વિશાલ પટેલ, શ્રી રમેશ તલાટી, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સીવિએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો.ડો. પી.એમ. ઉદાણીએ વેબિનારના સફળ આયોજન બદલ સીવિએમ યુનિવર્સિટીના એનએસએસ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર પ્રા.કાર્તિક જગતાપ અને ઓર્ગેનાઈઝિંગ કમિટીના સભ્યો ડૉ.પરેશ મોરધરા, પ્રા.ધવલ પટેલ, પ્રા. મેહુલ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

## વિશ્વવિજેતા પહેલવાન : રૂસ્તમે હિંદ ગામા

પી.ડી.શર્મા



આજે ભારતમાં ભાગ્યે જ કોઈ રમતપ્રેમી હશે જે 'રૂસ્તમે હિંદ ગામા'ને ન ઓળખતો હોય. કારણ કે કુસ્તીજગતમાં જે નામના 'ગામા'એ મેળવી છે, તે આજ દિન સુધી કોઈપણ ભારતીય પહેલવાને મેળવી નથી. તેમણે એ સમયના પોલેન્ડના વિશ્વવિજેતા પહેલવાન શ્રી સ્ટેનલી જિબિસ્કોને બે વાર હરાવ્યો હતો અને બીજી વાર તો ફક્ત ૨૧ સેકન્ડમાં જ હરાવી દીધો હતો. આ રીતે 'વિશ્વવિજેતા' બનીને તેમણે 'રૂસ્તમ-એ-જમા'નું બિરુદ મેળવ્યું હતું.

### કુસ્તીપ્રેમી કુટુંબમાં જન્મ

ગામાનો જન્મ ઈ.સ.૧૮૮૦માં એક કુસ્તીપ્રેમી પરિવારમાં થયો હતો અને તેમના નાના ભાઈ ઈમામબક્ષે પણ 'રૂસ્તમે હિંદ' બનવાનું શ્રેય મેળવ્યું હતું. શરૂઆતમાં તેમણે તેમજ એમના નાના ભાઈ ઈમામબક્ષે કુસ્તીના દાવ-પેચ તે સમયના પંજાબના ખ્યાતનામ પહેલવાન માધોસિંહ પાસેથી શીખ્યા હતા. ગામાને પ્રારંભથી જ કુસ્તીમાં વિશેષ રુચિ હતી અને તેથી જ ખૂબ જ ટૂંકા ગાળામાં તેમણે ન કલ્પી શકાય તેવી પ્રગતિ કુસ્તીમાં કરી હતી. કારણ કે મોટા ભાગે સફળતાનો સીધો સંબંધ સખત મહેનતની સાથે છે.

### પતિયાળા નરેશ દ્વારા આશ્રય

કુસ્તીજગતમાં ગામાની અભૂતપૂર્વ સિદ્ધિઓ જોઈને પતિયાળાનરેશ મહારાજા રાજેન્દ્રસિંહે ઈ.સ.૧૮૯૧માં તેમની નિયુક્તિ 'દરબારી પહેલવાન' તરીકે કરી હતી. તે વખતે પતિયાળામાં શહેરોમાં તેમજ ગામડે-ગામડે અખાડાઓ હતા. તે વખતે આમ જનતામાં પણ કુસ્તીનાં દંગલો જોવાનો ખૂબ જ શોખ હતો. આજે તો આ જાતના અખાડાઓ સમસ્ત ભારતમાં વેરાન થઈ ગયા છે. તે સમયે તહેવારો અને મેળાઓ દંગલોથી ગાજી ઊઠતા અને મલ્લયુદ્ધ જોવું લોકોને ગમતું. આજે લોકોને કુસ્તીમાંથી રસ ઓછો થયો છે અને આજે તો કુસ્તી અખાડાની જગ્યાએ મોંઘાં ગાદલાં પર રમાય છે, જે સામાન્ય અખાડાઓ વસાવી શકતા નથી.

### વિશ્વ કુસ્તી સ્પર્ધા

ઈ.સ.૧૯૧૦માં વિશ્વ કુસ્તી સ્પર્ધાનું આયોજન ઈંગ્લૅન્ડમાં લંડન મુકામે કરવામાં આવ્યું હતું. તેમાં ભાગ લેવા માટે પતિયાળાનરેશે તેમને અને તેમના નાનાભાઈ ઈમામબક્ષને લંડન મોકલ્યા હતા. જગતના શ્રેષ્ઠ ૪૫૦ પહેલવાનો ત્યાં ભેગા થયા હતા. પણ ગામાને વિશ્વ સ્પર્ધામાં ભાગ લેવાની પરવાનગી આપવામાં ન આવી, તેથી ગામાએ ચેલેન્જ ફેંકી કે તમારામાંથી ૨૦ જેટલા પહેલવાનોને હું વારાફરતી એક કલાકની મર્યાદામાં મ્હાત કરવા માટે શક્તિમાન છું અને જે કોઈ પહેલવાન મારી સામે કુસ્તીમાં પૂરી પાંચ મિનિટ ટકી શકશે તેને હું પાંચ પાઉન્ડનું ઈનામ આપીશ. આ પરથી ત્રણ પહેલવાનો આગળ આવ્યા. તેમને ગામાએ અર્ધીથી એક મિનિટમાં જ હરાવી દીધા. બીજા દિવસે બાર પહેલવાનો સ્પર્ધામાં આવ્યા, પણ ગામાએ તે તમામને એક પછી એક થોડી જ મિનિટોમાં હરાવી નાખ્યા. આ બધું જોઈને સ્પર્ધાના આયોજકોએ ગામાને વિશ્વ કુસ્તી સ્પર્ધામાં ભાગ લેવાની પરવાનગી આપી અને તેમની કુસ્તી વિશ્વવિજેતા પોલેન્ડના પહેલવાનશ્રી સ્ટેનલી જિબિસ્કો સાથે ગોઠવી આપી.

### જિંદગીનો યાદગાર દિવસ

૧૨ ડિસેમ્બર, ૧૯૧૦નો ઐતિહાસિક દિવસ ગામાની જિંદગીનો યાદગાર દિવસ હતો. એ દિવસે તેમની કુસ્તી સ્ટેનલી જિબિસ્કો સાથે ૨ કલાક ૪૦ મિનિટ સુધી ચાલી અને કોઈ નિર્ણય આવ્યો નહિ, તેથી ગામાને 'વિશ્વવિજેતા' જાહેર કરવામાં આવ્યો. ત્યારબાદ ફરીથી ૨૮ જાન્યુઆરી, ૧૯૨૮ના રોજ પતિયાળામાં 'જિબિસ્કો' સાથે ગામાની કુસ્તી ગોઠવવામાં આવી અને ફક્ત ૨૧ સેકંડમાં જ ગામાએ જિબિસ્કોને મહાત કરી દીધો. આ રીતે ઈ.સ.૧૯૪૦ સુધી ગામા સતત કુસ્તી લડતા રહ્યા અને ભારતનું નામ કુસ્તી

 ISSN 0976 – 9609

જગતમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉજ્જ્વળ કરતા રહ્યા.

### સખત પરિશ્રમનું ફળ

સાડા પાંચ ફૂટ ઊંચાઈ અને ૧૦૩ કિલો વજન ધરાવનાર ગામા સખત પરિશ્રમમાં વિશ્વાસ રાખતા હતા. તેઓ એક ક્વિન્ટલ વજનની પથ્થરની ચક્કી ગળામાં નાખીને કસરતો કરતા. પતિયાળામાં ગામના અખાડામાં આજે પણ આ ચક્કી મોજૂદ છે, પણ આજે તો એને ઉઠાવનાર પણ નથી. આજના પહેલવાનોમાં સખત મહેનતની કમી વિશેષરૂપથી જોવા મળે છે. સખત અને સતત પરિશ્રમને કારણે કુસ્તીજગતમાં ગામાએ ફક્ત પતિયાળાનરેશની શોભા નથી વધારી, પરંતુ સમગ્ર ભારતનું નામ રોશન કર્યું હતું.

### અંતિમ દિવસો દુઃખના

ઈ.સ.૧૯૪૭માં ભારતનું વિભાજન થતાં ગામા ભારત છોડીને પાકિસ્તાન જતા રહ્યા. તેઓ ત્યાં રેવા નદીના કિનારા ઉપર ઝૂંપડીમાં રહેવા માંડ્યા. અંતિમ દિવસોમાં પોતાના ઈનામો અને યાદગાર વસ્તુઓ વેચીને તેઓ પોતાનું ગુજરાન ચલાવતા હતા. ધીમેધીમે તેમની તબિયત ખરાબ થવા માંડી. પૈસાની તંગીને લીધે તેઓ સારી રીતે સારવાર પણ કરાવી શક્યા નહિ. જ્યારે મહારાજા પતિયાળા અને 'બિરલા બંધુઓ'ને આ અંગેને જાણ થઈ અને આર્થિક સહાય મોકલાવી, ત્યાં સુધી તો ગામા મૃત્યુ પામ્યા હતા. તેમનું મૃત્યુ ૨૨ મે, ૧૯૬૦ના રોજ થયું હતું.

આજે ગામાનું નશ્વર શરીર આપણી વચ્ચે નથી, પરંતુ 'કુસ્તીના ઇતિહાસ'માં 'બેતાજ બાદશાહ'ની જેમ આજે પણ ગામાનું નામ અમર છે. કુસ્તીના ક્ષેત્રમાં જે વિશ્વપ્રસિદ્ધિ ગામાએ ભારતને અપાવી છે, તેટલી આજદિન સુધી કોઈપણ ભારતીય પહેલવાને અપાવી નથી. સાચે જ 'ગામા'નું નામ 'વિશ્વ કુસ્તીજગત'માં કાયમ માટે અમર રહેશે.

બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામે,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫
(ઘર) ૦૭૯-૨૬૫૬૪૬૫૦, મો.૯૮૯૮૮ ૭૦૮૪૦

॥ વિદ્યાવૃત્ત ॥

### આર.એમ.દેસાઈ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજમાં કલામંચ-૨ (સંગીત સભા-૨) કાર્યક્રમની ઉજવણી થઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત રમા મનુભાઈ દેસાઈ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજમાં તા.૧૮/૨/૨૧ના રોજ કોલેજના આચાર્ય ડો.ધીરુભાઈ દેસાઈનાં અધ્યક્ષ સ્થાને કલામંચ-૨ (સંગીત સભા-૨) કાર્યક્રમની ઉજવણી થઈ, જેના મુખ્ય મહેમાન પદે શ્રી અગ્નેશ્વરીબેન (ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી,ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી, વલ્લભ વિધ્યાનગર) ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે ગુરુ દ્વારા સંગીતનું જ્ઞાન લેવું એ તમારા બધાનું સૌભાગ્ય છે. તમે ગમે તે ક્ષેત્રમાં કાર્યરત હો, પરંતુ સંગીત સાથે જોડાયેલા રહો તો તમને જીવન જીવવાની મજા આવે. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના આચાર્યશ્રીએ ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે આવા કાર્યક્રમો જીવનમાં નવો રંગ પૂરે છે. તેથી આવા કાર્યક્રમો થવા જોઈએ કે જેથી કરીને જીવન તો સુંદર બને જ છે, પરંતુ કળા પ્રસ્તુત કરવાની હોવાથી સતત રિયાઝ પણ થતો રહે છે. જે અભ્યાસનો એક ભાગ જ છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાયન, વાદન અને નૃત્યમાં વિવિધ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કોલેજમાં અભ્યાસ કરતાં ડિગ્રી અને ડિપ્લોમાનાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રાગ તથા તાલોની પ્રસ્તુતિ વિવિધ વાદ્યો દ્વારા અને ગાયન દ્વારા કરવામાં આવી તેમજ કથ્થક અને ભરતનાટ્યમ નૃત્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં વિવિધ વિભાગોના લગભગ પચાસેક વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

આ કાર્યક્રમનું સંચાલન (એંકરીંગ) કોલેજના વિદ્યાર્થીઓ ગાયન વિભાગની વિદ્યાર્થિની તુલસી જોશી અને ગિટારના વિદ્યાર્થી હેત કા. પટેલ દ્વારા કરવામાં આવ્યું.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓ બહાર આવે અને આગળ જતાં પોતાની પ્રતિભાને રજૂ કરી શકે તે હતો. આ કાર્યક્રમનાં કો-ઓર્ડિનેટર તરીકે કોલેજના અધ્યાપક શ્રી તસવ્વુર મલેક રહ્યા અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં ટીચિંગ તથા નોન ટીચિંગ સ્ટાફનો ફાળો ખૂબ અગત્યનો બની રહ્યો. તે માટે કો-ઓર્ડિનેટર શ્રી તસવ્વુર મલેકે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નાસા સ્પેસ એપ હરીફાઈમાં ચારુતર વિદ્યામંડળનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના જિયોઈન્ફર્મેટિક્સ ડિપાર્ટમેન્ટનાં અધ્યાપક કૃણાલ સુથારના અથાગ પ્રયત્નો થકી તા.૨ થી ૪ ઓક્ટોબર, ૨૦૨૦ દરમ્યાન નાસા સ્પેસ એપ એપ્લિકેશનની પ્રતિયોગિતા ગુજરાત રાજ્યમાં વલ્લભ વિદ્યાનગર ખાતે સૌ પ્રથમવાર યોજાઈ હતી. જેનું સફળ સંચાલન શિક્ષણનગરી વલ્લભ વિદ્યાનગર, ચારુતર વિદ્યામંડળ અને આઈસ્ટાર કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રતિયોગિતા અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસા દ્વારા આયોજિત કરવામાં આવી હતી જેમાં કેનેડા, ફ્રાંસ અને જાપાનની અવકાશ સંશોધન સંસ્થાઓ સંયુક્ત રીતે જોડાયેલી હતી. આ પ્રતિયોગિતામાં અવકાશીય જાણકારી, પૃથ્વી પરનું જીવન તેમજ આગ અને પૂર જેવી કુદરતી હોનારતોની જાણકારી સામાન્ય વ્યક્તિઓ સુધી ત્વરિત રીતે પહોંચાડવી વગેરે જેવા ૨૩ પ્રકારના વિવિધ પડકારોનો નવીનતાસભર રીતોના ઉપયોગ દ્વારા શોધખોળ માટે આયોજિત કરવામાં આવેલી હતી. જે અંતર્ગત ગુજરાતના અમદાવાદ, વડોદરા, કચ્છ તેમજ સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રતિયોગિતામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૭૨ કલાકના આ હેકાથોનના અંતિમ ચરણમાં વિશ્વભરમાંથી કુલ ૪૦ જેટલી ટીમોએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના તમામ પડાવો પૂર્ણ કર્યા હતા. આ ૪૦ ટીમોમાંથી આઈસ્ટાર કોલેજમાં અભ્યાસ કરી રહેલ કુમારી ચાન્સી શાહ, મયુરી ટંડેલ અને પ્રણવ પંડ્યાએ અધ્યાપક કૃણાલ સુથારના માર્ગદર્શન હેઠળ વરસાદી પૂરથી રાષ્ટ્રીય સંપત્તિ બચવવા માટેની સેટેલાઇટ ઈમેજ અને મોબાઈલ આધારિત એપ્લિકેશન બનાવી હતી, જેને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમગ્ર વિશ્વમાં નાસા તરફથી પ્રથમ ક્રમાંક મેળવેલ છે. ટીમના આ તમામ સભ્યોને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ ધપાવવા ગુજરાત રાજ્ય ખાતે પસંદગી કરવા માટે સીવીએમના સહમંત્રી શ્રી વિશાલભાઈ પટેલ, આઈસ્ટાર કોલેજના અધ્યાપક કૃણાલ સુથાર, ઈસરોના વૈજ્ઞાનિકો ડૉ.હિરેન ભટ્ટ, અમદાવાદ, ડૉ.કમલ પાંડે, દેહરાદુન, ડૉ.અર્ચના ગજ્જર, જૂનાગઢ, વેમેડ કોલેજના અધ્યાપક ડૉ.દિપાલી ગાંધી, આઈ.બી. પટેલના આચાર્ય ડૉ.સેંન્થીનલ અને ઈલેક્ટ્રોનિક્સના વિભાગીય વડા ડૉ.શહેરા પટેલની અધ્યક્ષતા હેઠળ સમિતિ યોજવામાં આવી હતી. ગુજરાત રાજ્ય અને ચરોતર પ્રદેશના તમામ વિદ્યાર્થીઓ અને તજજ્ઞોના લાભાર્થે યોજવામાં આવેલી આ પ્રતિયોગિતામાં ભાગ લેવા બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ, શ્રી મનીષભાઈ પટેલ, ડૉ.પી.એમ. ઉદાણી, આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ.નિર્મલકુમારે ઓનલાઈન માધ્યમથી તમામ હરીફ ટીમોને સંબોધન કર્યું હતું તેમજ સીવીએમ યુનિવર્સિટી અને સીવીએમના તમામ હોદ્દેદારોએ સહભાગીઓને ઓનલાઈન માધ્યમથી હાર્દિક અભિનંદન પાઠવી ખુશીની લાગણી વ્યકત કરી હતી. ગુજરાત રાજ્યની ધરા પર સૌ પ્રથમવાર આ પ્રકારની આંતરરાષ્ટ્રીય સ્તરની નાસાના બેનર હેઠળની પ્રતિયોગિતા યોજવા બદલ અને પ્રથમ પ્રયત્નમાં જ વૈશ્વિક સ્તરે પ્રથમ સ્થાન હાંસિલ કરવા બદલ સૌએ શુભાશિષ પાઠવ્યા હતા. હાલમાં કુમારી ચાન્સી શાહ અને મયુરી ટંડેલ અમદાવાદ સ્થિત ઈસરોમાં ૭ મહિનાના સમયગાળા માટે આઈસ્ટાર કોલેજના અધ્યાપક કૃણાલ સુથાર અને ઈસરોના વૈજ્ઞાનિક ડૉ.હિરેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક સંશોધનકાર્ય કરે છે.


**। વિ-વિદ્યાનગર । માસિક અંગેનું માહિતીપત્રક ફોર્મ- ૪**
**(નિયમ - ૮ મુજબ)**

૧. પ્રકાશન સ્થળ : વલ્લભ વિદ્યાનગર

૨. પ્રકાશનની સામયિકતાઃ માસિક

૩. મુદ્રક : લજ્જા પબ્લિકેશન્સ વલ્લભવિદ્યાનગર, આણંદ

૪. પ્રકાશકનું નામ : ડૉ.એસ.જી.પટેલ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

૫. તંત્રી : ડૉ. ઉર્વીશ છાયા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ચારુતર વિદ્યામંડળ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

૬. માલિકનું નામ : ડૉ.એસ.જી.પટેલ
સરનામું : માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

હું, એસ.જી.પટેલ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

એસ.જી.પટેલ
૫ માર્ચ ૨૦૨૧ માનદ્મંત્રીઃ ચારુતર વિદ્યામંડળ


 ISSN 0976 – 9609




સીવીએમ યુનિવર્સિટી અને બીજે વાણિજ્ય મહાવિદ્યાલય – એન.એસ.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એન્જિનિયર ભીખુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને "Road Accidents & Road Safety" વિષય ઉપર યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપ નિમિત્તે લેવાયેલ વિવિધ તસવીરોમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલ ગુજરાત રાજ્યના રોડ સેફ્ટી કમિશ્નરશ્રી લલિત પાડલિયા, આણંદ જિલ્લા કલેક્ટર તેમજ ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટિના ચેરમેનશ્રી આર. જી. ગોહિલ, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, આણંદ શ્રી અજિત રાજિયાન, અતિથિ વિશેષ તરીકે પધારેલ જિલ્લા વિકાસ અધિકારીશ્રી – આણંદ આશિષ કુમાર તથા માનદ્ સહમંત્રીશ્રી ચારુતર વિદ્યામંડળ આર.સી. તલાટી, પરિવર્તન ટ્રસ્ટના મંત્રીશ્રી પ્રિતેશ પરમાર, સંસ્થાના આચાર્યા ડૉ.કેતકી શેઠ, વર્કશોપનાં ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી રૂપલ વોરા તથા ડૉ.પરેશ મોરધરા દૃશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં પ્રસંગોચિત ઉદબોધન કરતા મહાનુભાવો અને અધ્યક્ષશ્રી.








ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરીના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રતિવર્ષ  મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન ૩૦મી જાન્યુઆરીના રોજ સ્વતંત્રતા સંગ્રામમાં અને દેશની સુરક્ષા માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હોય તેવા વીર શહીદોને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરવા માટેના કાર્યક્રમનું આયોજન કર્યું હતું જે અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટી સર્કલ સમીપ શહીદ ચોક ખાતે વીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવની પ્રતિમાને ચારૂતર વિદ્યામંડળના માનદમંત્રી ડૉ.એસ.જી. પટેલ, શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર અને દિવ્યાંગ શ્રીમતી સુધાબેન પટેલે પુષ્પમાળા અર્પણ કરી હતી. બરાબર ૧૦:૫૯ મિનિટે સાયરન વગાડી ટ્રાફિક અટકાવ્યો હતો અને ૧૧:૦૦ કલાકે બે મિનિટનું  મૌન પાળી શહીદોનું ઋણ સ્વીકાર્યું હતું. આચાર્યશ્રી વિજયકુમાર સુથારે મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે શાળા પરિસરમાં પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ડૉ.એસ.જી. પટેલ સાહેબે દેશના વીર શહીદોનું યોગદાન વ્યર્થ જાય નહીં તે માટે વિદ્યાર્થી ભાઈ–બહેનો અને સૌ નાગરિકોએ પોતાનામાં રાષ્ટ્રપ્રેમ જાગ્રત કરવા આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં જોડાઈને વીર શહીદોને ગૌરવપૂર્ણ અંજલિ અર્પી હતી.

BOOK POST
March 2021

V-Vidyanagar 23 (3)
Published on 5/3/2021
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



## Wilhelm Conrad Röntgen

27 March 1845 ~ 10 February 1923

Wilhelm Conrad Röntgen was a German mechanical engineer and physicist, who, on 8 November 1895, produced and detected electromagnetic radiation in a wavelength range known as X-rays or Röntgen rays, an achievement that earned him the inaugural Nobel Prize in Physics in 1901.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar 388 120